

પોતાના સ્વભાવની મહિમા ચૂકીને પરદ્રવ્ય કે પરભાવમાં ક્યાંય પણ જરાય માહાત્મ્ય આવશે ત્યાં સુધી માહાત્મ્યવાળો નિજ આત્મા હાથ નહીં આવે.

—અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૫ સં. ૨૦૫૧ (૬૧૯) ✻ આત્મધર્મ ✻ (અંક-૧૧ વર્ષ-૫૨) વીર સં. ૨૫૨૧ મે, ૧૯૯૫

વઢવાણ નિવાસી શ્રી રંભાબેન પોપટલાલ વોરા
(હસ્તે શ્રી હસમુખભાઈ વોરા) તરફથી

# અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આનંદોલ્લાસહ ઉજવાયેલો ૧૦૬મો શ્રી કહાનગુરુ-જન્મોત્સવ

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના માનનીય અધ્યક્ષ મહોદય શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા દ્વારા, તેમના માતુશ્રી શ્રી રંભાબેન પોપટલાલ વોરાના નામથી ઉજવાયેલ આપણા તારણહાર, અધ્યાત્મયુગપ્રવર્તક, માર્ગપ્રકાશક, સ્વાનુભવવિભૂષિત, પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૧૦૬મા મંગલ જન્મોત્સવની શાન-શોભા અદ્‌ભુત હતી. સમગ્ર મુમુક્ષુસમાજનો ઉલ્લાસભીનો ઉત્સાહ જોઈને એવો અનુભવ થતો હતો કે જૈન-જગતમાં જે મહિમા દેવાધિદેવ તીર્થંકર ભગવંતોના જન્મકલ્યાણક અવસરનો છે તેવો મહિમા મુમુક્ષુહૃદયમાં તીર્થંકરોપમ-તારણહાર આપણા પરમોપકારી કહાનગુરુદેવના મંગલ જન્મદિનનો છે. ખરેખર, એવા અસાધારણ ઉપકારમેરુ માર્ગપ્રકાશક અધ્યાત્મ-યુગસ્રષ્ટાના જન્મના કારણે વૈશાખ સુદ બીજ મુમુક્ષુઓનો પાવન પર્વ બની ગઈ.

દેશવિદેશના ૨૫૦૦થી અધિક પધારેલ મુમુક્ષુ મહેમાનો સહિત આપણા આદરણીય આદર્શ આત્માર્થી ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલભાઈ શાહની ગુરુભક્તભીની ઉપસ્થિતિમાં તા. ૨૬ એપ્રિલથી તા. ૧ મે સુધી ઉજવાયેલ આ મંગલ અવસર ખરેખર તો ધર્મપ્રભાવના-વર્ધક તેમજ આનંદપ્રદ રહ્યો હતો.

ગુરુજન્મોત્સવના આ ભવ્ય અવસરે પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેમની સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મરસભરી ઓડિયો-ધર્મચર્ચા, જિનેન્દ્રદર્શનપૂજા, ગુરુમહિમા આલેખિત ભવ્ય 'બેનર' તેમ જ અન્ય વિવિધ ભવ્ય શૃંગારોથી સુશોભિત મનોજ્ઞ પંડાલમાં સવાર-સાંજ પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી સમયસાર તેમ જ શ્રી સમયસાર-કળશટીકા પર ટેપ-પ્રવચનો, આદરણીય શ્રી હિમ્મતભાઈના વૈરાગ્યસભર મધુર સ્વર દ્વારા સમૂહ ગુરુભક્તિ, મહોત્સવ-ઉચિત અનેકવિધ ભવ્ય શૃંગારથી સજાવેલ શ્રી પરમાગમ-મંદિરમાં શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શ્રી ગુરુદેવશ્રીનાં વચનામૃત પર શાસ્ત્ર-પ્રવચન, પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ/ગુરુભક્તિ, ધાર્મિક

[ અનુસંધાન માટે જુઓ પેઈજ ૨૬ ]

કહાન
સંવત-૧૫
વર્ષ-૫૧
અંક-૧૧
[ ૬૧૯ ]

વીર
સંવત
૨૫૨૧
સં. ૨૦૫૧
MAY
A. D. 1995




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## દેહમાં આત્મભાવના ભવનું બીજ છે

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૫૭ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની આ ૮૧મી ગાથા ચાલે છે. તેમાં યોગીન્દ્રદેવ મિથ્યાદૃષ્ટિના લક્ષણ કહે છે.

મિથ્યાદૃષ્ટિ એમ માને છે કે હું બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું, વણિક છું અથવા શુદ્ર છું અને હું પુરુષ, સ્ત્રી અને નપુંસક છું. ખરેખર તો બ્રાહ્મણાદિ જુદી જુદી જાતિ અને લિંગ તો શરીરની અવસ્થા છે તેને આ મૂરખ પોતાની માને છે.

અહીં તો શરીરની અવસ્થાને પોતાની માને છે તે અજ્ઞાનીનો ભ્રમ છે અથવા એવા ભ્રમવાળો તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે એમ કહેવું છે. આમાંથી એવો અર્થ ન લેવો કે શરીર તો જીવનું નથી માટે શરીરની ગમે તેવી અવસ્થા હોય તોપણ મોક્ષ થઈ શકે. શરીરે સ્ત્રી, નપુંસક અથવા ક્ષુદ્ર હોય તોપણ, શરીર તો જીવનું નથી માટે કેવળજ્ઞાન થઈ શકે, એમ સમજવું નહિ.

ભાવાર્થ:—નિશ્ચયથી આ બ્રાહ્મણાદિ ભેદ કર્મજનિત છે, પરમાત્માના નથી. આત્મવસ્તુમાં બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ કે સ્ત્રી, પુરુષ આદિ કોઈ ભેદો નથી માટે બધી રીતે આત્મજ્ઞાનીને તે ત્યાજ્યરૂપ છે, જુઓ ! બધી રીતે ત્યાજ્ય છે. પુરુષના દેહમાં કેવળજ્ઞાન થાય છે માટે તે કોઈ અપેક્ષાએ ઉપાદેય છે એમ નથી. જ્ઞાનીને આ સર્વ ભેદો સર્વ પ્રકારે ત્યાજ્ય છે. તોપણ જે નિશ્ચયનયથી આરાધવા યોગ્ય સદા આનંદ

સ્વભાવી વીતરાગી નિજ શુદ્ધાત્મામાં આ ભેદોને લગાવે છે અર્થાત્ પોતાને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર માને છે, સ્ત્રી, પુરુષ, નપુંસક માને છે તે કર્મોનો બંધ કરે છે તે અજ્ઞાનથી પરિણત થયેલો નિજ શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી રહિત મૂઢાત્મા છે, જ્ઞાનવાન નથી.

ભગવાન આત્માનો વીતરાગ સદાનંદ એક શુદ્ધ સ્વભાવ જ નિશ્ચયથી સેવવા લાયક છે, એ જ અનુભવવા યોગ્ય છે છતાં શરીરની અવસ્થામાં રહેલા સ્ત્રી, પુરુષાદિ લિંગ અને બ્રાહ્મણાદિ ભેદોને પોતાના માને છે—તેને જ સેવે છે, હું બ્રાહ્મણ છું, હું પુરુષ છું એમ માને છે તે મૂઢ છે. આત્મજ્ઞાનમાં જે ત્યાજ્ય છે—હેય છે તેને જ મૂઢ ઉપાદેય માને છે.

નિજ શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી રહિત એટલે કે આત્મામાં વૃદ્ધિ કેમ થાય એવી ભાવનાને બદલે શરીરની વૃદ્ધિની ભાવના કરનારો, જ્ઞાનાનંદ સ્વભાવથી અજાણ એવો અજ્ઞાની મૂઢાત્મા છે. પાપી જીવ જ આવી મૂઢતા કરે છે. પાપી એટલે સ્વભાવની દૃષ્ટિ વિનાનો અને આત્મજ્ઞાનની પરિણતિથી રહિત જીવ જ દેહની અવસ્થાને પોતાની માને છે અને તેનાથી પોતાને ઠીક માને છે. આ દેહ તો જડ છે એમ તે જાણતો નથી.

શ્રોતા :—આ દેહમાંથી જીવ ચાલ્યો જાય ત્યારે જડ ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:—અરે! અત્યારે જ આ દેહ તો જડ છે, માટી છે. મનુષ્યગતિની અવસ્થા જીવમાં છે પણ એ પણ આત્માનું સ્વરૂપ નથી. આત્માથી ભિન્ન આ દેહ તો અત્યારે જડ જ છે. તે આત્માની પર્યાય પણ નથી. આત્માના દ્રવ્ય, ગુણ તો ભિન્ન છે જ પણ પર્યાય પણ શરીરથી ભિન્ન છે. હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવી ભાવના એટલે એકાગ્રતા નથી તેથી મૂઢ જીવ પરપર્યાયમાં આ હું છું એવી માન્યતા કરે છે અને વિકારમાં એકાગ્ર થાય છે.

આ ૮૧ ગાથા થઈ. હવે ૮૨મી ગાથામાં ફરી મૂઢના લક્ષણ કહે છે.

तरुणउ बूढउ रूयडउ सूरउ पंडिउ दिव्वु ।
खवणउ वंदउ सेवडउ मूढउ मण्णइ सव्वु ॥ ८२ ॥

ચૈતન્યસ્વરૂપના ભાન વિનાનો અજ્ઞાની અજ્ઞાનપણે પરિણમતાં એમ માને છે કે હું યુવાન છું, હું બૂઢો છું, હું રૂપવાન અને હું શૂરવીર છું, હું પંડિત છું, હું સર્વશ્રેષ્ઠ છું, હું દિગંબર છું, હું બૌદ્ધમતનો આચાર્ય છું, હું શ્વેતાંબર છું ઇત્યાદિ શરીરના ભેદોને મૂઢ પોતાના માને છે. આ ભેદ જીવના નથી. એ તો બધી માટીની

અવસ્થા છે. આત્મા યુવાન નથી છતાં મૂઢ કહે છે અમે યુવાન છીએ. અમને કોઈ બોલાવશો નહિ એમ જડ રજકણના મિથ્યા અભિમાન કરે છે. અથવા હું બૂઢો છું મારાથી હવે કાંઈ થતું નથી એમ કરીને પણ જડમાં જ મમતા કરે છે.

હું શૂરવીર છું, મારામાં એટલું બળ છે કે એક હાથ મારું ત્યાં દિવાલ હલી જાય. નાનપણમાં એક માણસ જોયો હતો એવો લઠ્ઠ જેવો કે હાથ માર્યો ત્યાં લીમડાંનું થડ હલી ગયું. તો એ કયાં આત્માનું બળ છે!

જ્ઞાનના ઉઘાડવાળો એમ માને કે હું પંડિત છું. પણ ઉઘાડ એ તો એક સમયની પર્યાય છે એવડો પોતાને માનવો એ તો મૂઢતા છે. ભાઈ! તું તો એક સમયમાં કેવળજ્ઞાનનો કંદ છો. તારામાં અનંત પરમાત્માનું રૂપ છે. જેમ શરીર જીવનું નથી તેમ, પર-લક્ષી જ્ઞાનના ક્ષયોપશમની અવસ્થા પણ ખરેખર આત્માનું સ્વરૂપ નથી. પરાવલંબી ક્ષયોપશમની પર્યાય બંધનું કારણ છે; અરે, જડ છે. કેમ કે જે જ્ઞાન આનંદ ન આપે તે જ્ઞાન કેવું! આત્માની પર્યાય તો આનંદ આપે એવી હોય. જે દુઃખ આપે એવી ક્ષયોપશમની પર્યાયને આત્માની કેમ કહેવી! ખરેખર એ જડ જ છે. તેમાં એકાકારભાવે પરિણમતો પરિણમતો નિગોદમાં ચાલ્યો જશે માટે એ આત્માની પર્યાય નથી. આત્માની પર્યાય તો એવી હોય કે જે નિર્મળતા અને આનંદ આપે.

અહીં તો શરીરની સાથે ચૈતન્યની પરલક્ષી અવસ્થાને પણ લઈ લીધી છે. અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન નથી માટે જડ છે. જે આત્માને સ્પર્શીને જ્ઞાનનો સમ્યક્ અનુભવ થાય તે આત્માની પર્યાય છે. મૂરખ મિથ્યાદૃષ્ટિ તો બે-ચાર જવાબ દેતા આવડે કે થોકડાં મોઢે થઈ જાય ત્યાં મને તો બધું આવડે છે એમ માનવા લાગે છે.

હું દિગમ્બર છું એમ શરીરની દિગંબર અવસ્થાથી પોતાને દિગંબર માને તે મૂઢ છે. મુનિપણું લે ત્યારે શરીરની અવસ્થા દિગંબર જ હોય તેનો નિષેધ નથી પણ એ અવસ્થારૂપ આત્માને માનવો તે મૂઢતા છે. ભાવલિંગી મુનિ દિગંબર જ હોય. બીજી અવસ્થા ન હોઈ શકે.

હું બૌદ્ધમતનો આચાર્ય છું અથવા હું શ્વેતાંબર છું એમ શરીરના વેષથી પોતાને એવો જ માની લે તે મૂઢ છે. આનો અર્થ એવો નથી કે શ્વેતાંબર હો કે દિગંબર અવસ્થા હો, ગમે તેમાં મુનિપણું હોય, એમ નથી. એ વાત જ જુદી છે, અહીં એ વાત નથી. અહીં તો કહે છે કે દિગંબર દશા, શ્વેતાંબર દશા કે બૌદ્ધની દશા એ બધી જડની દશા છે. આત્માની દશા નથી.

જો કે વ્યવહારનયથી આ બધાં તરુણ, વૃદ્ધાદિના ભેદ આત્માના કહેવાય છે તો પણ, નિશ્ચયનયથી વીતરાગ સહજાનંદ એક સ્વભાવ જે પરમાત્મા તેનાથી ભિન્ન છે. પરમાત્મામાં આવા કોઈ ભેદ નથી. આ તરૂણાદિ ભેદો અર્થાત્ વિભાવપર્યાય કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલાં છે. જોયું ? પંડિતપણું પણ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલું છે. એ પણ આત્મા નથી, કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી વિભાવ પર્યાય છે. અનાદિનું અજ્ઞાન અને ક્ષયોપશમ ભાવ એ બધી વિભાવપર્યાય છે—આત્માની નિર્મળપર્યાય નથી માટે તે છોડવાલાયક છે. એટલે કે દૃષ્ટિમાંથી છોડવાલાયક છે તેને મારા છે એમ માનવાયોગ્ય નથી. છતાં પણ જે તેને ઉપાદેય માને છે, મારા છે એમ માને છે તે મોટો મૂઢ છે.

ટીકામાં ' योजयति ' શબ્દ છે તેનો અર્થ એ છે કે ' જોડે છે. ' અજ્ઞાની જીવ સાક્ષાત્ ઉપાદેયભૂત સ્વશુદ્ધાત્મતત્ત્વમાં આ શરીરાદિની અવસ્થાને જોડે છે, એ રીતે પોતાને માને છે બીજાને પણ એવા માને છે અને બીજા પાસે એ જ રીતે પોતાને ઓળખાવવા માગે છે કે આ સુંદર શરીરવાળો તે હું, હું ધનવાન, હું આબરૂવાળો એમ માને છે અને મનાવે છે તે મૂઢ છે.

તે અજ્ઞાની જીવ મોટાઈ, પ્રતિષ્ઠા, ધનનો લોભ વગેરે વિભાવ પરિણામોને આધીન થઈને પરમાત્માની ભાવનાથી રહિત થયેલો મૂઢાત્મા છે. શરીરની યુવાન અવસ્થાની, ક્ષયોપશમની, નગ્નદશાની અથવા શ્વેતપટાદિની અવસ્થાથી મોટાઈ લેવા માગે છે તે મૂઢ અજ્ઞાની છે. પોતાના આત્મસ્વભાવને અને આત્મજ્ઞાનને છોડી દઈને—પરમાત્મભાવનાથી રહિત થયેલો તે શરીરની અવસ્થાને જ પોતાની માનતો મૂઢાત્મા છે. જીવ તો અખંડ આનંદસ્વરૂપ છે અને તેને અવલંબીને થતાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ જીવના ભાવ છે. પરલક્ષી ક્ષયોપશમભાવ કે ઉદયભાવ પણ આત્માને અવલંબનારા ભાવ નથી માટે તેનાથી આત્માને લાભ ન થાય. અગિયાર અંગ અને નવપૂર્વનું જ્ઞાન પણ આત્માને લાભરૂપ નથી છતાં તેનાથી પોતાને લાભ માને છે તે તેને પોતાના જ માને છે.

અહીં તો શરીર અને ક્ષયોપશમાદિની અવસ્થાને પોતાની માને છે તે મૂઢ છે એ વાત છે. દિગંબર શરીર થયું એટલે એ મુનિ થઈ ગયો એમ નથી.

આગળ ફરી મૂઢના લક્ષણો કહે છે-

जणणी जणणु वि कंत घरु पुत्तु वि मित्तु वि दव्वु ।
माया-जालु वि अप्पणउ मूढउ मण्णइ सव्वु ॥ ८३ ॥

આ મારી માતા છે, આ પિતા છે, આ સ્ત્રી, ઘર, પુત્ર, પુત્રી, મિત્ર વગેરે બધાં કુટુંબીજન તથા બહેન, ભાણેજ, નાના, મામા, ભાઈ, બંધુ અને રત્ન, માણેક,

મોતી, સુવર્ણ, ચાંદી, ધન, ધાન્ય, હાથી, ઘોડા આદિ, ધાય, નોકર આદિ બધું જ કર્મજનિત છે.

આત્માને વળી મા હોય! આત્માને જન્મ જ ન હોય તો જન્મદાતા જનક ક્યાંથી હોય! આત્માને જ્યાં માતા-પિતા જ ન હોય તો અન્ય કુટુંબીજન તો આત્માને ક્યાંથી હોય! છતાં પોતાના વીતરાગસ્વરૂપમાં આવા સંબંધોને લગાવે છે તે અસત્યને સત્ય માને છે. વેદાંત કહે છે કે બધું માયાજાળ છે પણ એમ નથી. વસ્તુ તરીકે તો સત્ય છે પણ આત્માની અપેક્ષાએ તે કોઈ આત્માના નહિ હોવા છતાં આત્માના માનવા તે અસત્ય છે. સ્વનું અને પરનું બંનેનું સ્વરૂપ તો સત્ છે પણ સ્વમાં પરનું કાંઈ નથી અને પરમાં સ્વનું કાંઈ નથી.

અજ્ઞાની કહે છે, આ મારી ઘરવાળી છે પણ તારે ઘર જ ક્યાં છે કે ઘરવાળી હોય! આત્માને ધૂળના ઘર ન હોય. અનંતગુણનો પિંડ એ આત્માનું ઘર છે. તેની તો ખબર નથી અને આ ધૂળના ઘર મારા અને આ ઘરવાળી એવી છે કે ઘરને બહુ સુઘડ-સાફ રાખે છે. બીજા જુએ તો પણ ખુશ થઈ જાય એવું ઘર રાખે છે પણ એલા! મૂરખ છો? પર અવસ્થાને મારી માનીને હોંશ કરે છો!

આ મારો દીકરો છે, વિલાયત જઈ આવ્યો છે, હજારો રૂપિયા કમાય છે...પણ કોના દીકરા? તારો આત્મા ભિન્ન અને તેનો આત્મા ભિન્ન છે, શરીર પણ ભિન્ન છે તો એ તારો કેમ કહેવાય! તારે તેની સાથે કાંઈ લેવા-દેવા નથી, મફતનો મારો કરીને મરે છો. પાગલ છો? બીજાની ચીજને પોતાની માનીને ચોર થયો છો.

આ મારી દીકરી છે, બહુ હોશિયાર છે, એમ.એ.માં સારા માર્ક પાસ થઈ છે હવે પરદેશ મોકલવી છે...બહુ બુદ્ધિશાળી છે...શું છે પણ હવે? તારે અને તેને શેઢે ને સીમાડે ક્યાંય મેળ નથી. ત્રણકાળમાં એક સમયમાત્ર પણ તે તારી પર્યાયમાં આવી નથી. અરે, તારી પર્યાયમાં આવેલો રાગ પણ તારો નથી તો દીકરી તારી ક્યાંથી થઈ?

આ મારા એવા મિત્ર છે કે ખરે ટાઈમે આવીને ઊભાં રહે. તેને જરૂર હોય તો અમે જઈને ઊભાં રહીએ એવો અમારો નાતો છે. ભાઈ! આ બધી માનેલી માન્યતા છે. કોઈ તારો મિત્ર નથી.

પાંચ-પાંચ, દશ-દશ, પેઢીના આંબા કાઢીને કુટુંબીજનની ઓળખાણ કાઢે છે, આ મારી સહોદરી છે, આ મારી બેનની દીકરી છે. અમારું તો ૧૦૦ માણસોનું કુટુંબ છે વગેરે...આ બધી માયાજાળ છે. માયાજાળને પોતાની માનીને મૂઢ પોતાના આત્માને ભૂલી ગયો છે એમ અહીં કહેવું છે.

આ મારા નાના છે, આ મામા છે, કાકા છે, દાદા છે...મુનિરાજને આ બધું કહેવા પાછળ કારણ શું હશે? તો કહે છે કે ક્ષણે ક્ષણે તું જ્યાં જ્યાં પરને પોતાના માનીને મિથ્યાત્વભાવ સેવે છે તેનું તને જ્ઞાન કરાવીએ છીએ. પરને મારા માનવા એ જ મોટું મિથ્યાત્વનું પાપ છે, એ જ દુઃખનું કારણ છે. મારાંપણાનો ભાવ જ એને મારનારો છે. પરમાં મારાપણાનો ભાવ જ જીવને મારી નાંખે છે, એ જ મોટું દુઃખ છે.

અમારાં ઘરે આટલાં રત્ન છે, માણેક છે, મોતી છે. બીજે ક્યાંક મોતી દેખે તો કહે ઘણાં વર્ષ પહેલાં અમારે ત્યાંથી વેચાતું લીધેલું આ મોતી છે. અરે ભાઈ! તારું ચૈતન્યમોતી તો આ રહ્યું! બહારમાં તારું મોતી ક્યાંથી આવ્યું! સોનું, ચાંદી, ધન, ધાન્ય કાંઈ તારું નથી. પણ અજ્ઞાની તો...અમારાં ઘરે અનાજની કોઠી જ ભરેલી હોય, બાર મહિના સુધી અમારે કોઈની ઓશિયાળ નહિ...પણ ભાઈ! મરી જઈશ ત્યારે શું થશે!

આ અમારો જૂના જમાનાનો નોકર છે, અમારે નોકરનું બહુ સુખ છે, કામવાળી પણ બહુ સારી છે. એમ નોકરથી પોતાની મોટાઈ કરે.. આ ચારપગા ગાય, ભેંસ આદિ અમારે ઘણાં હતાં તે વેચી દીધાં...રસ્તામાં દેખાય તો કહે આ જ ગાય અમારી હતી. આ ઘોડો અમારાં ઘરે જ ઉછરેલો છે, આ અમારો ઊંટ છે એમ કહે પણ તેને ખબર નથી કે અજ્ઞાનથી હું જ ઊંટ થઈ ગયો છું.

રાજાને ત્યાં તો હાથી પણ હોય એટલે માને કે આ અમારાં હાથી છે. રાવણને ત્યાં ચોરાશીલાખ હાથી હતાં તેમાં ત્રિલોકમંડન હાથી ચોરાશીલાખ હાથીનો નાયક હતો તેના ઉપર રાવણ બેસતો હશે ત્યારે તેને એમ થતું હશે કે અહો! કેવો મારો હાથી! પણ તેને મૂકીને રાવણ તો લડાઈમાં મરી ગયો પછી રામ હાથીને અયોધ્યા લઈ આવે છે. તે જ હાથી ઉપર બેસીને ચારેય ભાઈઓ વનમાં જાય છે અને ભરતને જોઈને હાથીને જાતિસ્મરણ થઈ જાય છે કે અરે! આ ભરત ને હું તો પૂર્વે સાથે હતાં, અમે બંને મિત્ર હતાં અને અત્યારે મારી આ દશા! ક્યાં રાજકુમાર અને ક્યાં આ મારી દશા! અંદરથી હાથીને એકદમ વૈરાગ્ય થઈ ગયો. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું, પછી તો પંદર પંદર દિવસે આહાર લે છે. લોકો તેને થાળ ભરી-ભરીને આહાર આપે છે. જુઓ! સામે દિવાલ ઉપર ચિત્ર દોરેલું છે. (સ્વાધ્યાયમંદિરની દિવાલમાં આ ચિત્ર પેઈન્ટ કરેલું છે.)

અહીં કહે છે કે હાથી, રથ આદિ કોઈ તારા નથી. રાજા-મહારાજાઓને કરોડો-અબજો રૂપિયાના રથ હોય છે. માણેક અને રત્નથી શણગારેલાં રથ હોય. જ્યારે યાદવો લડવા જાય છે ત્યારે કૃષ્ણ, નેમિનાથ, જરાસંઘ આદિ બધાંને જુદાં જુદાં રથ હોય છે.

રથના ચિહ્નથી જ એકબીજાને ઓળખાવે છે. આ નેમિનાથનો રથ છે, ત્રણજ્ઞાનના ધણી નેમિનાથ અંદર બિરાજે છે, તીર્થંકર થવાના છે, કૃષ્ણની સાથે આવ્યા છે એમ જાણીતા હોય તે રાજાને ઓળખાણ પાડે છે. પણ જરાસંઘ તો બધાંને મારો...મારો કરતો જ આવ્યો હતો. ભગવાન તો અંદરમાં એમ જાણે છે કે આ રથ પણ મારો નથી અને વિકલ્પ પણ મારો નથી. દીક્ષા લેવા જાય ત્યારે દેવો પાલકી લઈને આવે છે પણ ભગવાન તેને મારી માનતાં નથી.

આ બધો વૈભવ—કુટુંબ આદિ પરિગ્રહ બધો માયાજાળ છે, અસત્ય છે, ધૂંમાડાના બાચકા છે એ તારા નહિ થાય ભાઈ! **કૃત્રિમમપિ** અર્થાત્ કૃત્રિમ એનો અર્થ કર્મજનિત છે તારી ચીજ નથી. તેને તું તારી ઋદ્ધિ-સમૃદ્ધિ ન માન! તારી ઋદ્ધિ તો તારા અંદર છે. તારી ઋદ્ધિ તારાથી એક પ્રદેશ પણ દૂર ન હોય. એક પ્રદેશ પણ દૂર હોય ને તારી ચીજ નથી.

આહાહા...! ભગવાન પણ કાંઈ ભૂલ્યો છે! ભીંત સાથે માથા ફોડયાં છે. જ્ઞાનમૂર્તિપ્રભુની શ્રદ્ધા અને ભાવના છોડીને આ બધાં મારા...મારા એવા વેગમાં ને વેગમાં ખેંચાઈ રહ્યો છે.

ભાવાર્થ :—આ માતા-પિતાદિ કુટુંબીજન પરસ્વરૂપ છે, બધાં સ્વાર્થના સગાં છે, શુદ્ધાત્માથી ભિન્ન છે. શરીરસંબંધી છે, હેયરૂપ સાંસારીક નારકાદિ દુઃખોના કારણ હોવાથી ત્યાજ્ય પણ છે.

(૧) કુટુંબીજન પરસ્વરૂપ છે, સ્વસ્વરૂપ નથી.

(૨) બધાં સ્વાર્થના સગાં છે. સ્ત્રી, પુત્રાદિ બધાં સ્વાર્થી છે હો. કોઈ તારા આત્માની સેવા નહિ કરે. શરીરની સેવા પણ લાંબો ટાઈમ કરવી પડે તો કંટાળી જાય એવા છે. જુવાન છોકરો પણ જો લાંબો ટાઈમ પથારીમાં રહેશે અને સારૂં થતું નહિ જાણે તો બાપ જ કહેશે કે દુઃખી થાય છે હવે તો...જગતમાં આવું છે ભાઈ! મફતની હોંશ કરીને પડયો છો. રાતના પાંસળામાં બળતરા થતી હોય, ઘરના કોઈ જાગતાં ન હોય એકલો બળતરામાં પડયો દુઃખી થાય છે.

(૩) કુટુંબીજન આદિ બધાં શુદ્ધાત્માથી ભિન્ન છે.

(૪) શરીરસંબંધી છે. આત્માના કોઈ સંબંધી નથી એ તો બધાં શરીર સાથે સંબંધવાળા છે.

(૫) હેયરૂપ સાંસારીક નારકાદિ દુઃખોના કારણ હોવાથી ત્યાજ્ય છે. સ્ત્રી, પુત્ર, માતા-પિતાદિ આદિ બધાં ચારગતિમાં રખડવાના કારણરૂપ છે. તેના પ્રત્યેની મમતા અને રાગ-દ્વેષના ભાવથી તારે નરક આદિ ચારગતિમાં રખડવું પડશે.

આમ સર્વપ્રકારે તે દુઃખના કારણ હોવાથી ત્યાજ્ય છે. છતાં અજ્ઞાની મૂઢ મિથ્યાદૃષ્ટિ તેને પોતાના સ્વભાવ સાથે જોડે છે. પોતાનો પ્રભુ તો સાક્ષાત્ ઉપાદેયરૂપ છે, અનાકુળતાસ્વરૂપ પારમાર્થિક સુખથી અભિન્ન વીતરાગ પરમાનંદરૂપ એક સ્વભાવવાળો શુદ્ધાત્મા છે તેની સાથે આ પરદ્રવ્યને મારા માનીને જોડે છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ છે.

શ્રોતા :—કુટુંબીજન જુદાં પડે તોપણ યાદ આવ્યા કરે છે તેનું શું કરવું ?

પૂજ્ય ગુરુદેવ :—એને મારા માન્યા છે તેથી યાદ આવે છે. અરે, સાળાના સાળા સારાં પગારદાર હોય તો તેની પણ હોંશ આવે છે કેમ કે તે અમારાં સગા છે એમ માન્યું છે. અનેક પ્રકારે તેને બીજાંની મહિમા અને હરખ આવે છે પણ એ બધું ગાંડપણ છે, ડહાપણ નથી.

બધું પ્રત્યક્ષ દેખાય છે કે આ પરચીજ છે, દુઃખમાં નિમિત્ત છે, સ્વાર્થના સગાં છે....પણ એ પોતે અર્થ જ જુદાં કરે છે. બીજાના સ્ત્રી, પુત્રાદિ સ્વાર્થી હશે પણ મારા તો બહુ સારાં છે. મૂળ તેને પ્રેમ છે એટલે શંકા પણ પડતી નથી. એને નિઃશંકતા છે કે આ બધાં મારા જ છે. સ્ત્રી તો પહેલાં તદ્દન અજાણી હોય છતાં તેના પ્રેમ આડે તેને શંકા પડતી નથી કે આ મને મારી નાંખશે તો ! એમ જ આત્માના પ્રેમવાળાને આત્મામાં શંકા પડતી નથી. જેને જેનો પ્રેમ હોય તેમાં તેને શંકા ન હોય તેમ ભગવાન આત્માના ચિદાનંદસ્વરૂપના ભાવમાં જે પ્રગટ થાય તેમાં તેને શંકા ન હોય.

પરને મારા માનવારૂપ પરિણમેલો એટલે કે મન, વચન, કાયાના લક્ષે આ મારા છે એમ પરિણમેલો જીવ પોતાના શુદ્ધ આત્મદ્રવ્યની ભાવનાથી શૂન્ય મૂઢાત્મા છે એમ જાણો. ૮૧મી ગાથામાં છેલ્લે અજ્ઞાન પરિણત જીવ મૂઢાત્મા છે એમ કહ્યું, ૮૨મી ગાથામાં પરમાત્મભાવનાથી ચ્યુત મૂઢાત્મા છે એમ કહ્યું અને અહીં ૮૩મી ગાથામાં પરના લક્ષે મન, વચન, કાયામાં એકાકાર થયેલો આત્મદ્રવ્યની ભાવનાથી શૂન્ય મૂઢાત્મા છે એમ કહ્યું. આમ દરેકમાં અપેક્ષા ફેરવીને મૂઢાત્માનું કથન કર્યું છે. આ મૂઢાત્મા પોતાના ચિદાનંદપ્રભુની શ્રદ્ધા, જ્ઞાનથી શૂન્ય છે અને પરમાં મારાપણાની માન્યતાથી ભરેલો છે.

અતીન્દ્રિયસુખરૂપ આત્મામાં પરવસ્તુનું શું પ્રયોજન છે? ઘરમાં છોકરા બરાબર કમાતાં હશે તો શાંતિથી ધર્મધ્યાન થશે, બહારમાં બધી અનુકૂળતા હોય તો નિશ્ચિતપણે ધર્મધ્યાન થઈ શકે એવી કોઈ અપેક્ષા ધર્મમાં નથી કેમ કે ધર્મી ભગવાન-આત્મા પોતાની સમીપમાં જ બિરાજે છે. સંયોગો તો બધાં દૂર છે. માટે જે સમીપમાં

બિરાજે છે એવા અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનની ભાવના કર ને! દૂર પડેલાં પરદ્રવ્યોની ભાવના શું કામ કરે છે!

અતીન્દ્રિય ભગવાન આત્માના સુખ માટે ઇન્દ્રિયની પણ જરૂર નથી તો તેનાથી પણ દૂર એવા કુટુંબીજનો, ધન, નોકર આદિની ભાવના ક્યાં કરવા લાગ્યો! પરદ્રવ્યનું તારે શું પ્રયોજન છે! તું પોતે અતીન્દ્રિય સુખથી અભિન્ન ભગવાન છો તેની ભાવના કેમ કરતો નથી? દેહ સારો હોય તો ધર્મ થાય એ વાત ભૂલી જા. દેહ અને અન્ય કુટુંબીજનો તો બહાર છે તેની સાથે તારે શું સંબંધ છે? પરથી પોતાનું સુખ માને છે એ જગતમાં મોટો મૂરખ છે.

ભગવાન આત્મા અતીન્દ્રિયસુખનો સાગર છે એ તારી નજરની આળસે દેખાતો નથી, નજર નાંખ તો કોઈ પરદ્રવ્યની તારે જરૂર નથી. રાગની અને મનની પણ જ્યાં જરૂર નથી ત્યાં બીજાં પરદ્રવ્યની શું જરૂર હોય! તું તો પરથી નિરપેક્ષપ્રભુ છો તેની દૃષ્ટિ કર અને તેનું જ સાધન કર! (ક્રમશઃ)

---

## 卐 આત્મભાવના ભાવતાં.... 卐

* દેવ–ગુરુ ને ધર્મની જે ભાવના છે તે ભાવનાને કાળ ન હોય; કારણ કે પરમાત્મપદને જેમ કાળ ન હોય તેમ તેની ભાવનાને પણ કાળ ન હોય. ભાવના ભાવતાં એમ ન થઈ જાય કે હું ઘણા વર્ષથી ભાવના ભાવું છું છતાં ફળ કેમ દેખાતું નથી?—એવી આકુળતા ન હોય. આકુળતા છે તે તો કષાય છે, ને જ્યાં આવી આકુળતા થાય ત્યાં તો આત્મભાવ દૂર થતો જાય છે. વળી આકુળતા છે તે પોતાની ભાવનાને મોળી પાડી દે છે તથા તેમાં સંદેહ થઈ જાય છે, તેથી પોતાની સાચી ભાવનાને પણ ખોટી કરી નાખે છે માટે ભાવનાને કાળ ન હોય. ભાવના તે પણ વસ્તુસ્વરૂપ છે. જો તારી સાચી ભાવના હશે તો તારો આત્મભાવ તને મળશે જ. જેટલું કારણ આપે તેટલું કાર્ય અવશ્ય મળે જ.

—ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

# * જીવનું અસલી સ્વરૂપ *

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૩૪ ]

શ્રી નાટક સમયસારમાં અજીવદ્વારનો આ ૭ મો કળશ છે તેનું ૮ મું પદ્ય આ પ્રમાણે છે :

वरनादिक पुद्गलदसा, धरै जीव बहु रूप ।
वस्तु विचारत करमसौं भिन्न एक चिद्रूप ॥ ८ ॥

અર્થ :—રૂપ, રસ, ગંધ, વર્ણ આદિ પુદ્ગલના ગુણ છે. એના નિમિત્તથી જીવ અનેકરૂપ ધારણ કરે છે. પરંતુ જો વસ્તુસ્વરૂપનો વિચાર કરવામાં આવે તો તે કર્મથી તદ્દન ભિન્ન એક ચૈતન્યમૂર્તિ છે.

જેમ આગળના પદ્યમાં કહ્યું કે મ્યાન સોનાની હોવાથી તલવારને પણ સોનાની કહેવાય છે પણ તલવાર તો લોઢાની છે તેમ, રૂપ, રંગ, ગંધ આદિ પુદ્ગલની દશાને વ્યવહારથી જીવની કહેવાય છે પણ ખરેખર તો એ પુદ્ગલની દશા છે. આત્માને શરીર આદિ જડવાળો કહેવો કે પુણ્ય-પાપ આદિના વિકલ્પવાળો કહેવો કે ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિ વાળો કહેવો તે માત્ર વ્યવહાર છે. વ્યવહારથી પુદ્ગલની દશાને જીવની કહેવામાં આવે છે.

धरै जीव बहु रूप । ખરેખર અજીવમાં જીવ નથી અને જીવમાં અજીવ નથી, પુણ્ય-પાપના શુભ-અશુભભાવ એ પણ ખરેખર તો પુદ્ગલના લક્ષે ઉત્પન્ન થયેલાં પુદ્ગલ છે, જીવ નથી. રાગ-દ્વેષ આદિના કારણે જીવની દશામાં ભેદ દેખાય છે તે પણ જીવનો સ્વભાવ નથી માટે તેને આત્મા કહેતાં નથી. છતાં, વ્યવહારથી આત્માને ભેદવાળો, રાગવાળો અને શરીરવાળો કહેવાય છે. તેથી જીવ અનેકરૂપ ધરે છે એમ પણ કહેવાય છે.

वस्तु विचारत करमसौं...। ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું ફરમાવે છે એવા સ્વરૂપે જોતાં આત્મા પુદ્ગલના ભાવોથી તદ્દન ભિન્ન એક ચૈતન્યમૂર્તિ છે. વિજ્ઞાનઘન આત્મા કર્મથી અને કર્મના નિમિત્તે થયેલા વિકારોથી, કર્મના નિમિત્તે દશામાં પડતાં ભેદથી તથા કર્મના નિમિત્તે મળતાં સંયોગોથી તદ્દન ભિન્ન છે.

કળશમાં એટલું બધું જોર છે કે निर्माणमेकस्य हि पुद्गलस्य । એક વિજ્ઞાનઘન ચૈતન્ય સિવાય સર્વ ભેદો એક પુદ્ગલના જાણો. ભેદમાં, રાગમાં અને નિમિત્તમાં આત્માની બિલકુલ અપેક્ષા નથી.

ભાઈ! વાસ્તવિક આત્મા કોને કહેવો અને કોને જાણવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન થાય તેની ખબર વગર ધર્મ કદી થાય તેમ નથી. અનંતકાળથી ધર્મના નામે ભૂલ કરીને રખડયો છે. પોતાની ભૂલના કારણે જ ભ્રમણ મટતું નથી. विज्ञानघन એક ચિદ્રૂપથી બધું અન્ય છે તેની એને ખબર જ નથી. બધાંથી ભિન્ન એક વિજ્ઞાનઘન આત્મા તે ચૈતન્ય છે તેની દૃષ્ટિ કરતાં ધર્મ થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગની ક્રિયા તો પુદ્‌ગલ છે તેનાથી ધર્મ થતો નથી.

શ્રોતા :—રાગને પુદ્‌ગલ કેમ કહો છો એ જ પકડાતું નથી ?

પૂજ્ય ગુરુદેવ :—રાગ એ વર્ણ, ગંધવાળો પુદ્‌ગલ નથી પણ એકરૂપ ચૈતન્ય સ્વરૂપથી રાગ ભિન્ન છે માટે તેને અચેતન અર્થાત્ પુદ્‌ગલ કહેવાય છે. અહીં તો એકરૂપ ચૈતન્ય તે જીવ અને બાકી બધું અજીવ છે એમ બે જ ભેદ પાડયા છે.

અજીવ પણ એક વસ્તુ છે. અજીવ એટલે કાંઈ છે જ નહિ એમ નથી. 'બ્રહ્મ સત જગત મિથ્યા' જેવી વાત નથી. બ્રહ્મ પણ છે અને જગત પણ છે. પણ બ્રહ્મમાં જગત નથી અને જગતમાં બ્રહ્મ નથી એમ કહેવું છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં બિરાજતાં હોય અને તેની ભક્તિનો ભાવ આવે તેને ભગવાન કહે છે કે પુદ્‌ગલનો ભાવ છે તારો સ્વભાવભાવ નથી. તારો ભાવ હોય તે તારાથી જુદો પડે નહિ અને જુદો પડે તે તારો ભાવ નથી. જેમ, આત્મા રાગ અને પરની અપેક્ષા વિના એકલો સ્વતઃ તત્ત્વ છે તેમ રાગ, દ્વેષ આદિ ભાવો આત્માની અપેક્ષા વિનાના એકલા પુદ્‌ગલના ભાવો છે, તેને કોઈ પરની અપેક્ષા નથી.

निर्माणमेकस्य हि पुद्‌गलस्य । શરીર, કર્મ અને પુણ્ય-પાપ, દાન, દયા આદિના ભાવ તથા ગુણસ્થાનાદિ ભેદોને ચૈતન્યસ્વભાવની બિલકુલ અપેક્ષા નથી, એ આત્માની અપેક્ષા વિના એકલા પુદ્‌ગલથી થયેલા ભાવ છે. અરે! જૈનમાં જન્મ્યા છતાં વાડામાં રહેલાં જીવોને આ તત્ત્વ સાંભળવા મળતું નથી અને છકાયની દયા પાળવામાં, વ્રતાદિ કરવામાં ધર્મ માનીને તેની જિંદગી ચાલી જાય છે. વાસ્તવિક તત્ત્વના ભાન વિના અનંતકાળમાં અનંતી ક્રિયા કરી પણ વસ્તુ હાથ ન આવી તેમ આ જિંદગી પણ તત્ત્વની દૃષ્ટિ વિના ચાલી જાય છે.

પ્રભુ! તારી ચીજ વિજ્ઞાનઘન છે માટે તેમાં શરીર, કર્મ, રાગ અને ભેદનો પ્રવેશ નથી. અરે! પણ એને આ કેમ બેસે! એક શુભ ભાવ થઈ જાય, કંઈક વ્રતાદિ થઈ જાય ત્યાં તો મેં ઘણું કર્યું એમ લાગે ત્યાં આ વિજ્ઞાનઘનની વાત કેમ બેસે! જે રાંકો થઈને ફરે તેને રાજાની વાત કેમ બેસે! બે-ચાર ઉપવાસ કરે ત્યાં મેં ધર્મ કર્યો

એમ માને છે પણ અજ્ઞાનરૂપી પાડો એની ક્રિયાને નકામી કરી નાંખે છે તેનું એને ભાન નથી.

વર્ણ, ગંધ, રસાદિ ગુણો. શરીર, કર્મ, દયા-દાનાદિ રાગ અને ગુણસ્થાનાદિ ભેદો વિજ્ઞાનઘન ચૈતન્યથી અન્ય છે અને તેને ચૈતન્યની અપેક્ષા પણ નથી. વિજ્ઞાનઘન ચૈતન્યની અપેક્ષા વિના એકલા પુદ્ગલથી થયેલાં છે. સંસારનો ઉદયભાવ એ પુદ્ગલ છે, તીર્થંકરગોત્રને યોગ્ય શુભરાગ એ પણ પુદ્ગલ છે ભાઈ! એ તારી ચીજ નથી. જે ભાવે બંધન થાય એ ભાવ જીવસ્વભાવ કેમ હોય! જીવભાવથી બંધન ન થાય. જીવના ત્રિકાળસ્વભાવની અપેક્ષા વિના નિરપેક્ષપણે થયેલા સર્વ ભાવો પોતે જ પુદ્ગલ છે.

અહો! આવો પોતાનો વિજ્ઞાનઘનસ્વભાવ છે તેનાથી દૂર દૂર ભાગીને આત્માને મેળવવા માગે છે પણ એમ આત્મા નહિ મળે. જ્યાં આત્મા નથી ત્યાંથી કેમ મળે! આત્મા કેવો છે તેની પણ ખબર નથી તે આત્માને કેમ ગોતશે!

આ અજીવ અધિકાર છે તેથી અજીવ અને અજીવના લક્ષે થયેલાં ભાવો એ બધું અજીવ છે એમ સિદ્ધ કર્યું છે. સંપ્રદાયવાળાને વીતરાગ માર્ગ શું છે તેની ખબર નથી અને વીતરાગની પેઢી માંડીને બેસે છે કેમ કે મોટાના નામ વિના હૂંડી ચાલે નહિ.

જે વિજ્ઞાનનો ઘન છે તેમાં બધું જીવસ્વરૂપ છે અને જે ભેદરૂપ છે તે બધું પુદ્ગલસ્વરૂપ છે. ભગવાન આત્મા જ્ઞાનનો રસકંદ છે. ગુણસ્થાનભેદ, રાગ, દયા, દાન, વ્યવહારરત્નત્રય એ બધાં ભાવ વિજ્ઞાનઘનથી ભિન્ન છે માટે તે સમ્યગ્દર્શનનો વિષય નથી. જેમ ઘીનો ઘડો કહેવાય પણ ઘડો તો માટીનો છે તેમ એ વ્યવહારરત્નત્રયાદિ ભાવોને જીવના કહેવાય પણ તે જીવના નથી.

શ્રી સમયસારની એક પણ લીટી કે એક પણ ગાથા સમજવી બહુ સૂક્ષ્મ છે. આમાં તો તને ચીતર્યો છે. કોઈ એમ કહે કે અમે પંદર દિવસમાં વાંચી ગયા તે માત્ર શબ્દો વાંચી ગયા છે, ભાવ સમજ્યા નથી. એક એક લીટીમાં કેટલાં ભાવ ભર્યાં છે! તેને મેં સંક્ષેપથી સમજી લીધું છે એ વાત ખોટી છે. સંક્ષેપથી સમજ્યો તેને કહેવાય કે હું વસ્તુ અભેદ છું અને શરીર, કર્મ, રાગ ભેદાદિ મારાથી ભિન્ન છે એટલું અંતરથી સમજી જાય. આટલું પણ સમજ્યા વિના મને સંક્ષેપથી સમજાય છે એમ માને તે બરાબર નથી. ૮૦ની સાલમાં આ 'સંક્ષેપરુચિ'ની ચર્ચા થઈ હતી. પાંચ-છ મહિના સુધી વ્યાખ્યાન સાંભળીને લોકોને લાગ્યું કે આ તો કાંઈ બીજી વાત કરે છે. ત્યારે આ નહિ માનનારા-સામેવાળા એક ભાઈ એમ કહેતાં કે 'જુઓ! ભાઈ! આ સંપ્રદાય મળ્યો છે તેની શ્રદ્ધા છે તે સમ્યગ્દર્શન છે. હવે વ્રત, તપાદિ લેવારૂપ ચારિત્ર છે તે

આપણને હજુ નથી, આપણને તો સંક્ષેપરુચિ છે...' અરે, શું થાય! સંક્ષેપરુચિ કોને કહેવાય તેની ખબર નથી એટલે એમ બોલે. અજ્ઞાનની જાત જ એવી છે એમાં વ્યક્તિનો કાંઈ વાંક નથી. મૃગની પેઠે સંકલ્પ-વિકલ્પમાં દોડા દોડ કરે છે.

દોડત દોડત દોડિયો, જેતી મનની દોડ,
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી પણ ગુરુગમ લેજો રે જોડ.

ગુરુ તને અંદરમાં ચૈતન્ય બતાવે છે તે તું છો. ક્રિયાની દોડમાં દોડીને સૂકાય જા તોપણ ક્રિયાથી આત્મા મળે તેમ નથી. વિકલ્પો પણ બધાં પુદ્‌ગલ છે તેનાથી ચૈતન્યની પ્રાપ્તિ નહિ થાય.

**वस्तु विचारत करमसौं भिन्न एक चिद्रूप ।** શબ્દ તો એક 'કર્મ' મૂક્યો છે પણ કર્મમાં રાગ, શરીર અને ભેદાદિ બધું આવી જાય છે. ભગવાન આત્મા તો એકરૂપ ચૈતન્યરસ વિજ્ઞાનઘન છે તેને ત્રિલોકનાથ, આત્મા કહે છે. એવા વિજ્ઞાનઘન ઉપર દૃષ્ટિ પડતાં સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય બીજી કોઈ રીતે ત્રણકાળમાં સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્દર્શન વિનાના વ્રત અને તપ તો મૂર્ખાઈ ભરેલાં બાળવ્રત અને બાળતપ છે.

**निर्माणमेकस्य हि पुद्‌गलस्य** એમ કહીને એક પુદ્‌ગલથી જ થયેલું આ કાર્ય છે એમ કહેલું છે. તેમાં જીવ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ આ પાંચમાંથી કોઈ દ્રવ્યની અપેક્ષા નથી. **एकस्य हि** કહીને જોર બતાવ્યું છે. સંસારની દશા એ પુદ્‌ગલની દશા છે, જીવની નહિ. એકરૂપ વિજ્ઞાનઘન એ જ સત્ય જીવ છે બાકી બધાં વિકલ્પો અને ભેદો એક પુદ્‌ગલ જ છે. ભગવાનની ભક્તિ અને દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ પણ તેમાં આવી જાય છે. **विज्ञानघनस्ततोऽन्यः** કહીને વિજ્ઞાનઘન આત્માથી અન્ય જે કાંઈ છે તે બધું પુદ્‌ગલ છે.

અર્થ :—પુદ્‌ગલના નિમિત્તથી જીવ અનેકરૂપ ધારણ કરે છે—પર્યાયમાં અનેકરૂપ ધારે છે પરંતુ વસ્તુસ્વરૂપનો વિચાર કરો તો તે કર્મથી તદ્દન ભિન્ન એક ચૈતન્યમૂર્તિ છે. પણ વસ્તુનો વિચાર કરતો નથી અને પુદ્‌ગલને પોતાનું માનીને બેઠો છે તેથી દુઃખી થાય છે. જેમ વડ ઉપર બેઠેલો વાંદરો વડને મારું માને છે તેથી વડમાંથી સૂકાયેલા પાંદડાં એક એક નીચે પડે છે ત્યાં આ વાંદરાને દુઃખ થાય છે કે જાણે મારું ઓછું થાય છે તેમ અજ્ઞાનીને થોડું ધન જાય ત્યાં દુઃખ થાય, રોગ આવે ત્યાં દુઃખ થાય એમ અનેક પ્રકારે પુદ્‌ગલમાં એકત્વ માનવાથી તેને દુઃખ થાય છે.

એક દૃષ્ટાંત એ પણ આવે છે કે વાંદરાનો પડછાયો નીચે પડતો હતો તેની ઉપર

સિંહે આવીને થાપો માર્યો ત્યાં વાંદરાને એમ થઈ ગયું કે સિંહે મને પકડ્યો તેથી પોતે ગભરાઈને નીચે પડી ગયો. તેમ શરીર, વાણી, મન, રાગાદિ તો પડછાયાં છે તેને મારા માનનારો મૂરખ સંસારરૂપી સિંહના મોઢામાં પડે છે.

ભગવાન! તારામાં ભેદ પણ નથી હવે તારે કોને રોવું છે! કઈ ચીજ જતાં ક્લેશ કરવો છે!

ભાવાર્થ:—અનંત સંસારમાં સંસરણ કરતો જીવ નર, નારકાદિ જે અનેક પર્યાયો પ્રાપ્ત કરે છે તે બધી પુદ્ગલમય છે. ચારેય ગતિમાં જે કોઈ શરીર ધારણ કરે છે તે બધાં પુદ્ગલ છે. આ સ્ત્રી છે અને આ પુરુષ છે એ બધાં તો જડના ભેદ છે, આત્માના ભેદ નથી. છતાં શરીર જીર્ણ થાય ત્યાં હું જીર્ણ થઈ ગયો એમ માનીને દુઃખી થાય છે આ બધી અવસ્થા તો પુદ્ગલ છે અને કર્મજનિત છે–કર્મના નિમિત્તે થયેલા ઉપાધિભાવ છે. જો વસ્તુસ્વભાવનો વિચાર કરવામાં આવે તો તે જીવની દશા નથી, જીવ તો શુદ્ધ, બુદ્ધ, નિર્વિકાર, દેહાતીત અને ચૈતન્યમૂર્તિ છે. ક્યારે?—અત્યારે જ જીવ તો શુદ્ધ, બુદ્ધ, દેહાતીત, નિર્વિકાર ચૈતન્યમૂર્તિ છે. પણ એણે કદી વિચાર કરવાનો અવસર જ લીધો નથી. સંસારની ભ્રમજાળમાં પડ્યો છે ત્યાંથી છૂટે તો વ્રત, તપાદિ કરતો સાધુ થઈ જાય પણ એ તો ઉલમાંથી ચૂલમાં પડ્યો. પોતાના વિજ્ઞાન-સ્વરૂપને તો લક્ષમાં લીધું નહિ માટે કહે છે કે તેને માટે હવે અવસર લે! વસ્તુસ્વરૂપના ભાન વિના સમ્યગ્દર્શન થશે નહિ અને સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત જ નહિ થાય.

હવે આઠમા કળશના ૯મા પદ્યમાં દેહ અને જીવની ભિન્નતા ઉપર બીજું દૃષ્ટાંત આપે છે.

ज्यौं घट कहिये घीवकौ, घटकौ रूप न घीव।
त्यौं वरनादिक नामसौं, जड़ता लहै न जीव ॥९॥

અર્થ:—જેમ, માટીના ઘડામાં ઘી ભર્યું હોય તો તેને ઘીનો ઘડો કહેવાય છે પણ તે ઘીનો બનેલો ઘડો નથી, ઘડો તો માટીનો છે, ઘડો ઘીરૂપ થઈ જતો નથી, માટીરૂપ જ રહે છે. તેમ શરીરના સંબંધે જીવ નાનો, મોટો, કાળો, ધોળો વગેરે અનેક નામ પામે છે પણ તે શરીરની પેઠે અચેતન થઈ જતો નથી. જીવને રાગી, દ્વેષી, મોહી કહેવામાં આવે છે, પુણ્યવંત અથવા પાપી કહેવામાં આવે છે, પૂર્વે વાવ્યાં છે તે લણે છે એમ પણ કહેવાય છે પણ ભગવાન આત્મા રાગી, દ્વેષી, મોહી, પુણ્યવંત કે પાપી થઈ જતો નથી. પુણ્ય-પાપના ભાવ વિકાર થઈને રહ્યા છે એ જીવના થઈ જતાં નથી.

જેમ જડ જડ થઈને રહ્યા છે તેમ વિકાર વિકારનો થઈને રહ્યો છે, જીવ વિકારી થઈ જતો નથી.

જેમ પહેલો વાંદરો બોરની મૂઠી ભરીને પછી કહે છે મારો હાથ ઘડામાંથી નીકળતો નથી પણ કયાંથી નીકળે! મૂઠી છોડી દે તો તું છૂટો જ છો. તેમ શરીર, વાણી, મન, પુણ્ય અને પાપને આ મારા છે એમ માનીને પોતે બેઠો છે તેને માન્યતામાંથી છોડી દે તો પોતે છૂટો જ છે. દીકરો પિતાનો નથી અને પિતા દીકરાનો નથી. ઘીના ઘડાની જેમ આનો આ દીકરો છે એમ કહેવાય પણ આત્મા રાગનો પિતા પણ નથી તો દીકરાનો પિતા કેમ હોય! પુદ્ગલનો સ્વામી જીવ થાય તો તો જીવ જડ થઈ જાય.

કેટલાંક એમ માને કે આપણો જૈનધર્મ તો એમ કહે છે કે કંદમૂળ ન ખાઓ, રાત્રિભોજન ન કરો, દયા પાળો તો તમારો ધર્મ થઈ ગયો એટલે આપણે તો એટલું કરીએ છીએ...ભાઈ! કંદમૂળ ન ખાઓ, રાત્રિભોજન ન કરો વગેરે ભાવ બરાબર છે પણ તેમાં ધર્મ નથી. આત્માનો ધર્મ આત્મામાં થાય. આત્માની બહાર આત્માનો ધર્મ ન હોય.

કેટલાંક એમ માને કે ભગવાનની ભક્તિમાં તન્મય થઈ જાઓ તો ધર્મ થાય. ભાઈ! ભગવાનની ભક્તિ આવે તેની ના નથી પણ ભક્તિ એ તો રાગ છે. રાગથી ધર્મ કેવી રીતે થાય! રાગ તો પુદ્ગલ છે—અચેતન છે, આત્માનો સ્વભાવ નથી. કોઈ ભગવાનની પ્રતિમામાંથી પાણી ઝરે છે એમ માનીને બહુ મહિમા કરે પણ પથ્થરમાંથી પાણી કયાંથી ઝરે! કદાચિત્ કોઈ દેવ એવું કરતો હોય તોપણ પાણી તો જડ છે તેની શું મહિમા! એ કાંઈ ચૈતન્યની જાત નથી. ભક્તિનો ભાવ પણ રાગ છે તે આત્માનો સ્વભાવ નથી.

વ્યવહારથી ઘડાને ઘીનો કહેવાય, શીશીને દવાની શીશી કહેવાય, તલવારને સોનાની કહેવાય પણ તલવાર સોનાની થઈ જતી નથી તેમ જીવને દયાવાળો કહેવાય, શરીરવાળો કહેવાય, પુણ્યવાળો કહેવાય. એ બધાં નિમિત્તના કથનો છે. આત્મા શરીરરૂપ દયારૂપ કે પુણ્યરૂપ થઈ જતો નથી. તો શું વ્યવહાર છે જ નહિ? છે ને! વસ્તુ તરીકે છે પણ એક વસ્તુ બીજી વસ્તુની નથી. ઘી પણ છે અને ઘડો પણ છે પણ ઘડો ઘીનો નથી. તેમ જીવ પણ છે અને રાગ પણ છે પણ જીવ રાગી નથી. ખરેખર આત્મા વ્યવહારથી મુક્ત છે.

त्यौं वरनादिक नामसौं जड़ता लहै न जीव। ભલે વ્યવહારથી રાગવાળો જીવ, શરીરવાળો જીવ, પુણ્યવાળો જીવ એવા અનેક નામો પડે પણ જીવ એ રૂપ થતો નથી. જીવ તો વ્યવહારથી મુક્ત જ છે. શાસ્ત્રમાં એટલે જ કહ્યું છે કે સમકિતી વ્યવહારથી મુક્ત છે,

ચોથા ગુણસ્થાનથી એ મુક્ત જ છે, વ્યવહાર એનામાં નથી. કષાયની મંદતા છે તે જડ છે, ચૈતન્ય નથી. મિથ્યાદૃષ્ટિને તો ખરેખર કષાયની મંદતા પણ નથી. જ્ઞાનીને જ કષાયની મંદતા હોય છે પણ તે જ્ઞાનમય ભાવ નહિ હોવાથી અચેતન છે, જીવનો ભાવ નથી.

ભાવાર્થ:—શરીર અચેતન છે અને જીવનો તેની સાથે અનંતકાળથી સંબંધ છે તોપણ જીવ શરીરના સંબંધથી કદી અચેતન થઈ જતો નથી, સદા ચેતન જ રહે છે. જીવમાં જડની ગંધ પણ પેસતી નથી. પુણ્ય-પાપની ગંધ આવે છે તે પુદ્‌ગલની છે, જીવની નથી. આત્મા શરીરરૂપ થતો નથી એટલું જ નહિ, આત્મા પુણ્ય-પાપરૂપ પણ થતો નથી એમ સમજવું.

હવે ૯મા કળશના દસમા પદ્યમાં આત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ બતાવે છે. શરીર અને કર્મ જીવ નથી, રાગ જીવ નથી અને ભેદ જીવ નથી તો જીવ કોણ છે! તેનો જવાબ આપે છે.

निराबाध चेतन अलख, जानै सहज स्वकीव ।
अचल अनादि अनंत नित, प्रगट जगतमैं जीव ॥ १० ॥

અર્થ:—આત્મા જ્ઞાનથી પ્રત્યક્ષ જણાય તેવો છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી આત્મા ન જણાય પણ સ્વસંવેદનમાં પ્રત્યક્ષ જણાય તેવો છે. જીવ કેવો છે?—જીવ પદાર્થ નિરાબાધ ચૈતન્ય, અરૂપી, સ્વાભાવિક, જ્ઞાતા, અચળ, અનાદિ, અનંત અને નિત્ય છે તે સંસારમાં પ્રત્યક્ષ પ્રમાણ છે.

ભાવાર્થ:—જીવ શાતા-અશાતાની બાધાથી રહિત છે એથી નિરાબાધ છે. શાતા કે અશાતામાં કારણ બને તેવા શરીરના પરમાણુઓ જીવમાં નથી તેમ જ શાતા-અશાતાના વિકલ્પ પણ જીવમાં નથી માટે આત્મા નિરાબાધ છે. આત્મા તો આનંદની મૂર્તિ છે તેને કોઈ પીડા કરી શકતું નથી. પરમાં ઠીક-અઠીકની કલ્પના છે તે રાગ છે તે દુઃખ છે, જીવ નથી. પાંચ, પચીશ લાખ રૂપિયા મળ્યા હોય, બાગ-બગીચા બનાવ્યા હોય તેમાં સાંજના ટાઈમમાં શીખંડ-પૂરી બનાવીને બધાં જમવા બેઠા હોય, માથા ઉપર દ્રાક્ષના લૂમખા ઝૂમઝૂમ લટકતા હોય, સોનાની ખુરશીમાં બેઠો હોય...એ બધાં શાતાવેદનીયના ફળ છે તેમાં જીવ નથી, તેમાં સુખની કલ્પના કરે છે તે પણ જીવ નથી. આમાં મને મજા પડે છે એવી કલ્પના તે દુઃખ છે, સુખ નથી અને પુણ્ય પણ નથી. તેમાં પોતાનું અસ્તિત્વ માનવું તે ભ્રમણાનું ભૂતાવળ છે.

શાતાના ઉદયથી મળેલી સામગ્રી પણ જડ અને તેમાં સુખની કલ્પના થાય છે તે પણ જડ છે. તે તું નથી. તું તો આનંદમૂર્તિ આત્મા છો. શાતાની જેમ અશાતાના ઉદયથી મળેલી સામગ્રી પણ જડ છે અને તેમાં દુઃખની કલ્પના થાય છે તે પણ જડ છે, તું નથી. સાતમી નરકનો સંયોગ થાય તે જડની સામગ્રી છે અને તેમાં અણગમો થાય, દુઃખ થાય તે તારી જાત નથી. ભાઈ! તું તો નિરાબાધ ચૈતન્ય છો. સામગ્રીથી તો તું ભિન્ન છો જ પણ આકુળતાથી પણ તારું સ્વરૂપ ભિન્ન છે.

શરીર રૂપાળુ અને નમણું મળ્યું હોય, સ્ત્રી પણ એવી જ સુંદર હોય અને બાળકો પણ એવા થયા હોય તો એને એમ થાય કે—હું પહોળો ને શેરી સાંકડી પડે છે. એ બધી મોહની ભૂતાવળ છે. હું ૧૪મા વર્ષે પહેલીવાર પાલેજ ગયો ત્યારે ઘરની બાજુમાં ઘણી સ્ત્રીઓ ભેગી થઈને રાસ લેતી હતી તો કીધું આ શું છે! તો કોઈએ જવાબ આપ્યો કે એ તો ચૂડેલ છે. નાના બાળકોએ ત્યાં જવાય નહિ. ત્યાં જાય અને જો તેની વાતમાં હા પડાય જાય તો એ આપણને ચૂડેલ ચોંટી પડે અને લોહી ચૂસી જાય. તો એમ થયું કે એ વળી શું? પછી તો દુકાને કામ ઉપર ચડ્યા પછી ખબર પડી કે એ કોઈ ચૂડેલ ન હતી, સ્ત્રીઓ રાસ લેતી હતી પણ અહીં તો આ ભ્રમણાની ચૂડેલ અજ્ઞાનીને વળગી ગઈ છે. રાગ, દ્વેષ, શરીર, સંયોગાદિને જોઈને મારા માને છે તેને ભ્રમણાની ચૂડેલ ચોંટી છે તેની શાંતિ ખલાસ થઈ જાય છે.

ભગવાન! તું તો નિરાબાધ છો. તારામાં પુણ્ય-પાપની ગંધ નથી. એવા નિરાબાધ આત્માને ઓળખીને તેની શ્રદ્ધા કરવી તે ધર્મ છે. આત્મા ચૈતન્યસ્વરૂપ છે. માટે સદાય ચેતતો છે—સદાય જાગૃત છે. ઊંઘ વખતે પણ આત્મા જાગતો છે. મને મીઠી ઊંઘ આવી ગઈ એમ ચૈતન્ય વિના કોણ જાણે!

આત્મા ઇન્દ્રિયગોચર નથી. માટે અલખ છે. વિકલ્પથી પણ આત્મા ગમ્ય નથી. અતીન્દ્રિયપ્રભુ આત્મા, ખંડ ખંડ અને જડ એવી ઇન્દ્રિયો વડે કેમ જણાય! ન જ જણાય. પોતે જ પોતાના જ્ઞાનથી પોતાને જાણે તેવો છે. પોતાના સ્વભાવને જાણવા માટે તેને પરની અપેક્ષા નથી. આત્મા સહજ સ્વકીય છે. આવા સ્વરૂપવાન આત્માને અંતરથી ઓળખીને તેની શ્રદ્ધા, દૃષ્ટિ અને ધ્યાન કરવું તે આત્મજ્ઞાન છે તે ધર્મ છે.

(ક્રમશઃ)

# નિશ્ચય-વ્યવહાર બન્નેને જેમ છે તેમ જાણ

[ શ્રી પંચાસ્તિકાય શાસ્ત્રની ગાથા ૧૭૨ પર પરમ પૂજ્ય ગુરુદેવનું પ્રવચન ]

ભગવાન કુંદકુંદાચાર્યદેવ મૂળ ગાથામાં તો એમ કહે છે કે :—

तह्मा णिव्वुदिकामो रागं सव्वत्थ कुणदि मा किंचि ।
सो तेण वीदरागो भवियो भवसायरं तरदि ॥१७२॥

આ સૂત્રમાંથી અમૃતચંદ્રાચાર્યદેવે બધી ટીકા કાઢી છે. જે જીવ આત્માની મુક્તિનો અભિલાષી છે તે જીવે સમસ્ત પરદ્રવ્યો પ્રત્યેથી રાગ છોડીને નિવૃત્ત સ્વરૂપમાં એકાગ્રતા કરવી. જે જીવ રાગનો કામી છે તે જીવ નિવૃત્તિનો કામી નથી અને જે જીવ નિવૃત્તિનો કામી છે તે જીવ રાગનો કામી નથી. વચ્ચે રાગ હોવા છતાં ધર્મી જીવ તેનો કામી નથી. રાગના અવલંબને લાભ માને તે જીવ ભવસાગરને તરી શકતો નથી. જ્ઞાયક સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતારૂપ વીતરાગ ભાવથી જ ભવસાગરનો પાર પમાય છે. માટે કહ્યું કે જે જીવ નિવૃત્તિનો કામી હોય તે જીવ કિંચિત્માત્ર પણ રાગ ન કરો. પહેલાં રાગની રુચિ ટળે, ને પછી સ્વરૂપમાં સ્થિરતા થતાં રાગ સર્વથા ટળીને મુક્તિ થાય છે.

જુઓ, અહીં એમ કહ્યું કે "રાગ કિંચિત્માત્ર ન કરો" આ ઉપદેશ કોને આપે છે? જીવને આ ઉપદેશ આપે છે. કેમકે રાગ કર્મ કરાવતું નથી. પણ જીવ પોતાની પર્યાયમાં રાગ કરે છે ને પોતે જ સ્વભાવના આશ્રયે તેને ટાળે છે. જો કર્મ રાગ કરાવતું હોય તો તો તે કર્મને ઉપદેશ કરવો જોઈએ કે-"હે નિમિત્તો! તમે દૂર થઈ જાઓ, તમે વિકાર ન કરાવો!" પણ એમ નથી; અહીં તો જીવને ઉપદેશ આપ્યો છે. પોતાની પર્યાયની સ્વતંત્રતાનું પણ જેને ભાન નથી તે તો મૂઢ છે. હે ભગવાન! તું તારા ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેના આશ્રયે રાગભાવ છોડ, ને ભવસાગરને તરી જા! સાધકને વચ્ચે રાગ આવે છે પણ અંદરમાં સ્વભાવની દૃષ્ટિ અને અવલંબન પડ્યું છે. આવી દશામાં નિશ્ચય-વ્યવહારની સંધિ છે. સાધક જીવ સ્વભાવની દૃષ્ટિ રાખીને વચ્ચે રાગરૂપ વ્યવહારને જાણે છે, ને સ્વભાવના અવલંબને તેને ટાળવાનો ઉદ્યમ પણ કરે છે.

जो कोई पुरुष मोक्षके निमित्त सदाकाल उद्यमी हो रहे हैं वे महा

भाग्यवान हैं, निश्चय व्यवहार इन दोनों नयोंमें किसी एकका पक्ष नहीं करते सर्वथा मध्यस्थ भाव रखते हैं, शुद्ध चैतन्यस्वरूप आत्मतत्त्वमें स्थिरता करनेके लिये सावधान रहते हैं।

જુઓ, આ સાધકજીવની વાત છે. હું ચિદાનંદ સ્વરૂપ કારણ શુદ્ધ જીવ છું, એવું જેને ભાન થયું છે ને સ્વભાવનો ઉદ્યમ પણ વર્તે છે એવા ધર્મી સંત મુનિઓ મહા ભાગ્યવાન છે, તેને અહીં ટીકામાં ભગવાન કહ્યા છે, તેઓ મોક્ષનો ઉદ્યમ કરે છે ને પેટામાં સમ્યગ્દૃષ્ટિ તથા શ્રાવકો પણ આવી જાય છે. જુઓ, અમૃતચંદ્ર આચાર્યદેવ કહે છે કે "ये तु पुनरपुनर्भवाय नित्यविहितोद्योगमहाभागा भगवन्तो निश्चय-व्यवहारयोरन्यतरानवलम्बनेनात्यन्तमध्यस्थीभूताः। शुद्ध चैतन्यरूपात्मतत्त्वविश्रान्ति-विरचनोन्मुखाः" અહો! મોક્ષમાર્ગને સાધનાર મહાભાગ્યવાન મુનિ ભગવંતોની શું વાત કરીએ? તે છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા સંત તો પંચપરમેષ્ઠીપદમાં ભળેલાં ભગવાન છે, ગણધરદેવ પણ "णमो लोए सव्वसाहूणं" એમ કહીને તેમનાં ચરણે નમસ્કાર કરે છે, વ્યવહારમાં બહારમાં નમસ્કાર કરતા નથી. તે મુનિવરો કેવા છે? નિશ્ચય અને વ્યવહાર બન્ને નયોને જેમ છે તેમ જાણે છે, કોઈ નયનો એકાંત પક્ષ કરતા નથી. ચૈતન્યસ્વભાવનું અવલંબન રાખીને પર્યાયના ભેદને પણ જાણે છે. જો પર્યાયની શુદ્ધતાના ભેદોને ન માને તો તીર્થનો નાશ થાય છે, ને જો ધ્રુવ ચિદાનંદ ભાવની દૃષ્ટિ ચૂકે તો કોના આશ્રયે તીર્થ રહેશે? માટે નિશ્ચય અને વ્યવહાર બન્નેને જેમ છે તેમ જાણવા જોઈએ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મ તત્ત્વમાં સ્થિરતા કરવા માટે મુનિવરો સાવધાની રાખે છે, વચ્ચે રાગ હોય તેનું જ્ઞાન કરાવ્યું પણ સાવધાની ક્યાં રાખવી? કે "शुद्धचैतन्यरूपात्मतत्त्वविश्रान्तिविरचनोन्मुखाः" એટલે શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપ આત્મતત્ત્વમાં લીન થવા માટે મુનિવરો ઉદ્યમ કરે છે. ક્ષણિક રાગાદિભાવોમાં તેઓ સાવધાન નથી, પંચમહાવ્રતની વૃત્તિ ઊઠે તેની પણ ભાવના નથી, ભાવના તો સ્વરૂપ લીનતાની જ છે. નવતત્ત્વોમાં શુદ્ધચૈતન્યસ્વરૂપ જીવતત્ત્વ છે, તેમાં જ એકાગ્ર થવાનો મુનિવરોનો પુરુષાર્થ છે. અજીવતત્ત્વ તો ભિન્ન છે, તેમાં પુરુષાર્થ કરવાનો નથી. પુણ્ય-પાપ, આસ્રવ ને બંધ ભાવો તો વિકાર છે, તેમાં પણ મુનિવરોની સાવધાની નથી, ને સંવર-નિર્જરા તો ક્ષણિક પર્યાય છે, તેમાં સ્થિરતા થઈ શકતી નથી, તેમ જ મોક્ષપર્યાય તો વર્તમાન છે નહીં, એટલે ધ્રુવ ચિદાનંદ સ્વરૂપમાં જ સ્થિર થવાનો પ્રયત્ન વર્તે છે. 'સ્થિરતા' પોતે સંવર-નિર્જરારૂપ પર્યાય છે; પણ સ્થિરરૂપ ધ્રુવ

કારણપરમાત્માના અવલંબને સ્થિરતા પ્રગટે છે, પર્યાયના અવલંબને સ્થિરતા રહેતી નથી, નવતત્ત્વોને જાણવા તે વ્યવહાર છે, ને શુદ્ધ જીવતત્ત્વનો આશ્રય કરવો તે નિશ્ચય છે. જુઓ, અહીં મોક્ષના પુરુષાર્થની વાત કરી, તેમાં કોઈ પૂછે કે અત્યારે તો મોક્ષ થતો નથી, તો મોક્ષના પુરુષાર્થની વાત કેમ કરો છો? તેનો ઉત્તર: અરે ભાઈ! વસ્તુ ત્રિકાળ મુક્તસ્વરૂપ છે, તેની પ્રતીત તો કર, તે વસ્તુની દૃષ્ટિ કરતાં "દૃષ્ટિમોક્ષ" તો અહીં થઈ જાય છે. તે દ્રવ્યના આશ્રયે પર્યાયમાં પણ અલ્પકાળે મુક્તિ થઈ જાય છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો તે જ મોક્ષનું કારણ છે. પર્યાયમાં એક સમયનો સંસાર છે પણ તે ત્રિકાળી દ્રવ્યમાં નથી. આવી ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિથી સમ્યગ્દર્શન થયું ત્યાં મુક્તદ્રવ્ય પ્રતીતમાં આવી ગયું, ને તે દ્રવ્યના આશ્રયે પર્યાયમાં મુક્તિનો પુરુષાર્થ પ્રગટે છે. માટે સ્વભાવમાં સાવધાન રહેવાનું કહ્યું છે પણ શાસ્ત્રાદિ તથા દેહાદિ પરમાં સાવધાની કરવાનું કહ્યું નથી. આ બંધથી છૂટવાનો માર્ગ છે. આગમ, યુક્તિ, અનુભવથી મોક્ષની રીત પ્રથમ જાણવી જોઈએ.

મુનિ શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા માટે સાવધાન રહે છે, અંશે નબળાઈથી અસાવધાની રહે છે પણ તે મુખ્ય નથી. વસ્ત્ર છોડી નગ્ન થવામાં સાધુપદ નથી. મુનિપદ તે મોક્ષમાર્ગ છે. પરમેષ્ઠીપદમાં જેમનો નિવાસ છે એવા અને શુદ્ધ ચૈતન્યના ધ્યાનમાં વર્તતા ભાવલિંગી મુનિ તે સાધક છે. સાધકદશા છે ત્યાંસુધી અંશે પ્રમાદ—બાધકભાવની પ્રવૃત્તિ થઈ જાય છે. પ્રમાદમાં શરીરની ક્રિયાની વાત નથી. પ્રમાદવૃત્તિ થાય તેને દૂર કરવા માટે શાસ્ત્રાનુસાર ક્રિયાકાંડ પરિણતિરૂપ પ્રાયશ્ચિત્ત—સ્વભાવસન્મુખતારૂપ વિશેષ ઉગ્રતા કરે છે. ગુરુ સમક્ષ વિનયથી દોષ કહી બતાવે છે. જાણે વ્યવહાર વિધિનું માહાત્મ્ય કરતા હોય એમ લાગે છે પણ શુભરાગ કરવાની વાત નથી પણ વીતરાગ-માર્ગના મહિમાની વાત છે.

છઠ્ઠી ભૂમિકામાં શરીરથી કાંઈ પ્રમાદ ચેષ્ટા થઈ હોય. જોકે ભાવમાં દોષ નથી તોપણ શરીર સંબંધી દોષ ગણી ગુરુ પાસે જઈ વ્યવહાર આલોચના કરે છે. જડની ક્રિયાનો કર્તા નથી. પર જીવ મર્યાનું પાપ નથી, પર્યાય ફેરવવાની કર્તાબુદ્ધિ નથી, દ્રવ્યદૃષ્ટિ મુખ્ય છે તે છૂટી નથી.

છઠ્ઠા ગુણસ્થાને કોઈ વખતે અલ્પ આર્ત્તધ્યાન-અશુભરાગ થઈ જાય છે પણ ભૂમિકાથી વિસાદ રાગ ન હોય. દૃષ્ટિમાં વીતરાગતા છે પણ ચારિત્રમાં શિથિલતા ન જોઈએ. તેથી જ્ઞાનમાં ઉગ્રતા કરવા માટે પ્રાયશ્ચિત્તનો વિચાર કરે છે. પ્રમાદ તો ક્રમબદ્ધમાં છે પણ મુનિપદમાં છટ્ઠે ગુણસ્થાને વધુકાળ રહેવું નથી. વિકલ્પમાં અલ્પ

ક્રમપ્રમાદ જાય છે. કદી છઠ્ઠા ગુણસ્થાનને અયોગ્ય પ્રમાદ આવી જાય તો શાસ્ત્રાજ્ઞાનુસાર ગુરુ પાસે જઈ પ્રાયશ્ચિત્ત લે છે ને સ્વસન્મુખ થઈ રાગથી, નિમિત્તથી અત્યંત ઉદાસીનભાવ ધારણ કરે છે. મુનિને પરમેશ્વરપદ છે તેથી જરાય દોષ છુપાવે નહીં. વીતરાગભાવે નિરંતર જાગ્રત રહી અલ્પકાળમાં કેવળજ્ઞાન લે છે. મુનિ યથાશક્તિ પોતાને નિજચૈતન્ય દ્વારા પોતામાં જ વેદે છે. ચારિત્રની શાંતિનું વેદન કરે છે. વચ્ચે વ્યવહાર-રાગને જ્ઞેયપણે જાણે છે પણ તેને મોક્ષમાર્ગપણે માને નહિ.

જ્ઞાન તો યથાર્થ કરવું જોઈએ ને? તે વિના ગોટા વાળ્યે કાંઈ વળે નહિ. વ્યવહારરત્નત્રયનો શુભરાગ આવે છે તેનો દૃષ્ટિમાં નિષેધ છે.

વીતરાગી માર્ગ છે તેની અંદરથી રુચિ ન કરે તો વસ્તુ અંદરથી જવાબ નહિ આપે-ચેતનની જાગૃતિ નહિ થાય. જેમ રાજાને યોગ્ય પદ્ધતિથી, યોગ્ય નામે અરજી કરે તો તે જવાબ આપે તેમ ચિદાનંદ આત્માને પૂર્વાપર વિરોધ રહિત યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન દ્વારા જાણી, પછી અંતર્મુખ થાય તો સાચી શાંતિનો અનુભવ થાય. મુનિને અખંડ નિજાનંદ સ્વભાવની જ મુખ્યતા છે. તેથી તે સદા નિજ સ્વરૂપના ઉપયોગી હોય છે. દૃષ્ટિમાં નિત્ય સ્થિર રહેવા માગે છે ને ક્ષણમાં સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પ વીતરાગ આનંદને વેદે છે.

રાગ આવે છે તેને ન જાણે તોપણ જ્ઞાન ખોટું છે. કર્મના ઉદય અનુસાર રાગ થવો માને તો પણ ભૂલ છે ને ત્રિકાળ સ્વભાવમાં રાગ માને તોપણ ભૂલ છે. એ સર્વ મિથ્યાભાવો રહિત નિર્મળ શ્રદ્ધાપૂર્વક અનેકાંતવાદી સાધક દશાવાન જીવ છે તે નિજસ્વરૂપ સ્થિરતાનુસાર ક્રમે ક્રમે કર્મ મળનો નાશ કરે છે.

'કર્મનો નાશ કરે છે' તે વ્યવહારકથન છે, રાગનો ત્યાગ કહેવો તે પણ નામમાત્ર છે, જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા કરતાં રાગ છૂટી જાય છે. પરમાર્થથી જોવામાં આવે તો રાગના ત્યાગના કર્તાપણાનું નામ આત્માને નથી કેમ કે જ્ઞાનસ્વભાવી આત્મા પોતે કદી સ્વભાવથી છૂટયો નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવા માટે કર્મને અને રાગને છોડવાનું કથન ઉપચારથી છે. ખરેખર રાગ અને કર્મને છોડનાર આત્માને માનો તો રાગ અને જડકર્મનો આત્મા કર્તા થઈ જાય છે. જ્ઞાનમાં સ્થિરતા કરે ત્યાં સ્વયં કર્મ અને રાગનો અભાવ થઈ જાય છે. (ક્રમશઃ)

[ ગતાંકથી ચાલુ ]

# અધ્યાત્મ-અમૃતના ઓઘ વડે અતીન્દ્રિય આનંદમય અનુભૂતિનું અભિસિંચન

[ શ્રી સમયસાર ગાથા-૩૨૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

## આગમભાષાએ મોક્ષનું કારણ : ઉપશમ-ક્ષાયોપશમ-ક્ષાયિકભાવ
## અધ્યાત્મભાષાએ મોક્ષનું કારણ : શુદ્ધોપયોગ-શુદ્ધાત્મભિમુખ પરિણામ

સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્યની સમ્યક્ શ્રદ્ધા-જેવું સત્ છે તેની સત્ય શ્રદ્ધા, સત્નું સત્યજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને નિજપરમાત્મદ્રવ્યનું સમ્યક્ અનુસરણ એટલે કે આનંદના નાથને અનુસરીને તેમાં ઠરવું, તેને આત્મચારિત્ર-સમ્યક્‌ચારિત્ર કહે છે. સમ્યગ્દર્શન તે પર્યાય છે, સમ્યગ્જ્ઞાન તે પર્યાય છે, સમ્યક્‌ચારિત્ર તે પર્યાય છે. તે પર્યાયને આગમભાષાએ ત્રણ પ્રકારે કહેવાય છે :—

જેમાં વિકાર દબાઈ ગયો છે ને અંદર નિર્મળતા પ્રગટી છે તે દશા ઉપશમ છે. કંઈક નિર્મળતા છે ને કંઈક મલિનતાનો અંશ પણ છે એવી દશાને ક્ષયોપશમ કહે છે ને રાગનો બિલકુલ ક્ષય-નાશ થયો છે તેને ક્ષાયિક કહે છે. એ મોક્ષમાર્ગના ભાવને ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક એ ત્રણ ભાવે કહેવાય છે.

એ રીતે સ્વભાવ સન્મુખ થતાં ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ નિજપરમાત્મદ્રવ્યના સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાયે પરિણમે છે ને તે પરિણમનને આગમભાષાએ ઔપશમિક, ક્ષયોપશમિક તથા ક્ષાયિક ભાવ કહે છે. ભગવાન આત્મા ત્રિકાળ છે, તે પરમપારિણામિકભાવ છે પણ તેની સન્મુખ થતાં જે પર્યાય થાય તે આગમભાષાએ ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક ભાવ છે અને તે મોક્ષનું કારણ છે. તે ત્રણે ભાવો રાગથી રહિત છે તેથી મોક્ષનું કારણ છે અને તે ભાવત્રયને અધ્યાત્મભાષાએ 'શુદ્ધોપયોગ,' 'શુદ્ધાત્માભિમુખ પરિણામ' ઇત્યાદિ કહે છે.

પરમાત્મા ફરમાવે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાય છે તે શુદ્ધાત્માભિમુખના પરિણામ છે, એટલે કે સ્વભાવની સન્મુખતા ને રાગની વિમુખતા-ઉદયભાવની વિમુખતાના પરિણામને મોક્ષમાર્ગના પરિણામ કહેવાય છે, તેને આગમભાષાએ ઉપશમાદિ ને અધ્યાત્મભાષાએ શુદ્ધોપયોગ, શુદ્ધાત્માભિમુખ પરિણામ કહે છે.

### * મોક્ષનો એક માત્ર ઉપાય-શુદ્ધોપયોગ *

પરથી વિમુખ એટલે ?-કે ચાહે તો સર્વજ્ઞદેવ હોય તેનાથી પણ વિમુખ—ભગવાન

પ્રત્યેના રાગથી વિમુખ ને રાગને જાણનારી એક સમયની વ્યક્ત પર્યાય તેનાથી વિમુખ ને શુદ્ધાત્માની સન્મુખના પરિણામ તે મોક્ષમાર્ગ છે. જેણે વર્તમાન પર્યાયને શુદ્ધદ્રવ્યની અભિમુખ કરી છે તેને આગમભાષાએ ત્રણ પ્રકારના ભાવ કહે છે અને અધ્યાત્મ-ભાષાએ શુદ્ધોપયોગ કહે છે તે મોક્ષમાર્ગ છે. ઉદયભાવ દયા-દાન આદિના ભાવ તે પરસન્મુખના ભાવ છે. તે ભાવ ધર્મ નથી તેમ જ તે ધર્મનું કારણ નથી. સ્વદશા કે જેની દિશા શુદ્ધાત્મદ્રવ્ય તરફ છે તે મોક્ષમાર્ગ ને મોક્ષનું કારણ છે.

પરમભાવસ્વરૂપ ત્રિકાળી નિજપરમાત્મદ્રવ્યની સન્મુખનો ભાવ તે શુદ્ધોપયોગ છે અને શુદ્ધોપયોગ તે મોક્ષમાર્ગ છે એમ કહેતાં વ્યવહારરત્નત્રય તે મોક્ષમાર્ગ નથી તેમ આવી ગયું. ભગવાન શુદ્ધાત્મ પ્રભુ ત્રિકાળી આનંદનો નાથ છે તેની પ્રતીતિ, જ્ઞાન ને તેનું આચરણ તેને શુદ્ધોપયોગ કહે છે, તેને મોક્ષનો માર્ગ કહે છે, તેને વીતરાગતા કહે છે. પૂર્ણાનંદ પ્રભુના શ્રદ્ધા-જ્ઞાન-રમણતાને શુદ્ધોપયોગ, શુદ્ધાત્મભિમુખના પરિણામ કહે છે, તે મોક્ષનો માર્ગ છે, તે મોક્ષનો ઉપાય છે, તે સિવાય બીજો કોઈ મોક્ષનો ઉપાય નથી.

## * મોક્ષના કારણભૂત શુદ્ધોપયોગથી કથંચિત્ ભિન્ન ભગવાન આત્મા *

તે પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. શા માટે ? ભાવનારૂપ હોવાથી. શુદ્ધપારિણામિક ( ભાવ ) તો ભાવનારૂપ નથી. જો ( તે પર્યાય ) એકાંતે શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય, તો મોક્ષનો પ્રસંગ બનતાં આ ભાવનારૂપ મોક્ષકારણભૂત ( પર્યાય )નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે. પણ એમ તો બનતું નથી ( કારણ કે શુદ્ધપરિણામિકભાવ તો અવિનાશી છે ).

—ગુજરાતી ટીકા

આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે. તેને ઉપાદેય કરીને સ્વસન્મુખના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થાય તે મોક્ષનો માર્ગ છે, તે ધર્મ છે, તેને આગમભાષાએ ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક—એમ ત્રણ ભાવે કહેવામાં આવે છે. ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુનો આશ્રય લઈને થયેલા ઉપશમ આદિ ભાવો કે જે મોક્ષનો માર્ગ છે તે ક્ષણિક છે ને પરમસ્વભાવભાવ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તેનાથી તે ભિન્ન છે. આનંદના નાથ પ્રભુની સન્મુખના ને પરથી વિમુખના જે પરિણામ છે તેને શુદ્ધોપયોગ કહ્યો છે, તે મોક્ષમાર્ગ છે અને તે આનંદના નાથથી ભિન્ન છે.

પુણ્ય-પાપના ભાવથી ભિન્ન એવું જે શુદ્ધ ચૈતન્ય તત્ત્વ છે તેની પ્રતીતિ, જ્ઞાન

અને તેનું અનુસરણ તેને આગમભાષાએ અને અધ્યાત્મભાષાએ અનેક નામે કહેવાય છે. દ્રવ્યસંગ્રહમાં તેને ધ્યેય નામે કહ્યાં છે.

આત્મદ્રવ્યની સન્મુખની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય કે જેને આગમ ભાષાએ ઉપશમ આદિ અને અધ્યાત્મભાષાએ શુદ્ધોપયોગ આદિ કહ્યાં તે પર્યાય શુદ્ધ પારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મતત્ત્વથી કથંચિત્ ભિન્ન છે. દયા-દાનાદિ વ્યવહારરત્નત્રયના પરિણામ તો મલિન છે, તેનાથી તો પ્રભુ ભિન્ન છે પણ જે મોક્ષનો માર્ગ-વીતરાગી કે જે સ્વદ્રવ્યને અવલંબીને પ્રગટેલી દશા છે તે દશા પણ ત્રિકાળી તત્ત્વથી કથંચિત્ ભિન્ન છે. રાગ એ તો દોષ છે, બંધનું કારણ છે, તેનાથી ભગવાન આત્મા ભિન્ન છે. વ્યવહારરત્નત્રય છે તે ઉદયભાવ છે, ઉદયભાવ છે તે બંધનું કારણ છે, તે મોક્ષમાર્ગ પણ નથી ને મોક્ષના માર્ગનું કારણ પણ નથી. પરન્તુ મોક્ષનું કારણ, પૂર્ણાનંદના લાભનું કારણ એવો જે શુદ્ધોપયોગ તે શુદ્ધ પારિણામિકભાવરૂપ વસ્તુથી કથંચિત ભિન્ન છે. ત્રિકાળી સહજ પ્રભુ કે જે બદલતું નથી એવું જે ધ્રુવ છે તેને અહીં શુદ્ધપારિણામિક સ્વભાવભાવ કહેવામાં આવે છે, અને તે નિર્મળ પર્યાયથી કથંચિત ભિન્ન છે.

ઉદયભાવમાં કર્મનો ઉદય નિમિત્ત છે, તે વિકાર છે, તેથી તે બંધનું કારણ છે, ઉપશમ છે તે અણ ઉદયરૂપ દશા છે, તે પવિત્ર છે, પણ હજુ અંદર કર્મની સત્તા પડી છે, ક્ષયોપશમ છે તે મિશ્ર છે, કાંઈક નિર્મળતા છે ને કાંઈક મલિનતાનો અંશ છે ને ક્ષાયિકમાં કર્મના અભાવની અપેક્ષા આવે છે. ત્રિકાળી પારિણામિક ભાવ છે તેને કર્મની કોઈ અપેક્ષા નથી, બીજા ચાર ભાવોને તો કર્મના સદ્ભાવની અપેક્ષા લાગુ પડે છે પણ ત્રિકાળી ચૈતન્ય પ્રભુને કર્મની હયાતીની કે કર્મના અભાવની અપેક્ષા લાગુ પડતી નથી એ તો સહજ સ્વરૂપ ત્રિકાળ છે.

### * અપૂર્વ એવા સમ્યગ્દર્શનથી કથંચિત્ ભિન્ન વસ્તુ *

તારી ચીજ અંદર પડી છે તે આનંદનું દળ છે, જ્ઞાયકરસનો કંદ છે, સહજાનંદ પરમાત્મદ્રવ્ય છે. જે સહજ સ્વરૂપ ત્રિકાળ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે, પણ સમ્યગ્દર્શનની પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી. એવું અપૂર્વ સમ્યગ્દર્શન કે જે અનંતકાળમાં એક સેકંડમાત્ર પણ થયું નથી તે હવે પ્રગટ કર્યું છે તે પણ ત્રિકાળી ધ્રુવથી ભિન્ન છે.

બાપુ! ભગવાન પરમાત્મદ્રવ્ય છે, બધા આત્મા પરમાત્મદ્રવ્ય છે, તેને શરીરની અવસ્થાથી ન જો, રાગની અવસ્થાથી ન જો, નિર્મળ અવસ્થાથી પણ એને ન જો,

નિર્મળ અવસ્થા તેમાં છે એમ એને—ત્રિકાળીને ન જો. ન જો એટલે ?—નિર્મળ અવસ્થાથી જો પણ નિર્મળ અવસ્થા તેમાં છે એમ એને ન જો. પરમાત્મા જિનેશ્વરદેવ જન્મ-મરણના અંતની વાત આ કહે છે, એ તો અપૂર્વ છે. એક સમયની દશાની પાછળ આખું તત્ત્વ છે, ત્યાં આતમરામ બિરાજે છે પણ તેમાં કદી રમતો નથી ને પુણ્ય-પાપના ભાવની રમખાણ માંડી છે. [ ક્રમશઃ ]

* પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની પાંચમી સાંવત્સરિક સમાધિતિથિ તા. ૧૩-૫-૯૫ થી તા. ૧૭-૫-૯૫ ( વૈશાખ વદ-૩ )—પાંચ દિવસ ધાર્મિક કાર્યક્રમના રૂપમાં, તેઓશ્રીના જ્ઞાન-વૈરાગ્ય-સ્વરૂપસાધના તેમ જ ઉપકારોના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીન વાતાવરણમાં સાદગીથી સંપન્ન થઈ. બહારગામના મુમુક્ષુમહેમાનોની ઉપસ્થિતિના કારણે આ પ્રસંગે આયોજિત શ્રી પંચપરમેષ્ઠિમંડળવિધાન પૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી જિનમંદિર પૂરું ભરાઈ જતું હતું. સવાર-સાંજ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન ઉપરાંત બપોરે પાંચે દિવસ 'બહેનશ્રીની સાધના અને વાણી' ગ્રંથ ઉપર શાસ્ત્રવાંચન થયા હતા. તે વખતે બહેનશ્રી દ્વારા લઘુ વયમાં કરવામાં આવેલી સાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તેમ જ ભવાબ્ધિતારિણી 'અનુભવીની અમૃતવાણી' વગેરે સાંભળતાં, તેમજ ઉપકાર-સ્મરણથી ભક્તોના હૃદય વિરહવેદનાથી દ્રવિત થઈ જતા હતા. સમાધિતિથિ ( વૈશાખ વદ-૬ )ના રોજ શ્રી પંચપરમેષ્ઠિમંડળ-વિધાનપૂજાના સમાપન બાદ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને સમૂહદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તે સમયે પણ તેઓની ઉપકારસ્મૃતિ તીવ્રતાથી જાગી ઉઠતા અનેકના હૃદય દ્રવિત અને નેત્ર અશ્રુભીના થઈ ગયા હતા.

* વૈશાખ વદ ૬, શુક્રવાર, તા. ૧૯-૫-૯૫ના રોજ શ્રી સમવસરણની ૫૪ મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે પૂજાભક્તિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવશે.

* વૈશાખ વદ ૮, રવિવાર, તા. ૨૧-૫-૯૫ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના સાધના-સ્થળ શ્રી સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન તેમ જ તેમાં પૂજ્ય બહેનશ્રીના કરકમળ દ્વારા થયેલી પરમાગમ શ્રી સમયસારજીની મંગલ પ્રતિષ્ઠાનો ૫૮મો વાર્ષિકદિન પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

* જેઠ સુદ ૫, શનિવાર, તા. ૩-૬-૯૫ના રોજ શ્રુતપંચમી-પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

[ "વૈરાગ્ય સમાચાર" સ્થળ સંકોચને કારણે આવતાં અંકમાં આપવામાં આવશે ]

[ સુવર્ણપુરી સમાચાર....ટાઇટલ ૨ થી ચાલુ ]

શિક્ષણવર્ગ, સાંજે બંને ભજનમંડળી દ્વારા ગુરુભક્તિ, ટેપ-પ્રવચન અને છેલ્લે પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા તથા તીર્થયાત્રાની વિડિયો—એ રીતે આનંદોલ્લાસપૂર્વક નિયમિત કાર્યક્રમ રહ્યો હતો.

શ્રી જિનેન્દ્ર-ધર્મસ્તંભની આગળ નિર્મિત પ્રવેશદ્વાર ગુરુજન્મોત્સવને અનુરૂપ અતિ રમણીય બનાવવામાં આવ્યો હતો. પ્રવેશદ્વારમાં સૌથી ઉપર અષ્ટકોણયુક્ત ભ્રમણ કરતી ભવ્ય પીઠિકા ઉપર રચેલ સુંદર પીઠ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્ટેચ્યુ બિરાજમાન કરેલ. તેઓશ્રીના મુખચંદ્ર પાછળ પ્રભામંડળ, ભ્રમણ કરતાં અષ્ટકોણી પીઠિકાના આઠેય પાસા ઉપર તેમજ પ્રવેશદ્વારની બન્ને સાઈડમાં દીપક આદિ મનોરમ્ય સુંદર રચના અત્યંત આકર્ષક હતી.

મંગલ ગુરુજન્મોત્સવના આનંદોપલક્ષમાં તા. ૩૦-૪-૯૫ના રોજ બપોરે ધાતકી વિદેહના ભાવિ-તીર્થંકરદેવના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ રજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત મનોહર ગંધકૂટી પર સછત્ર સિંહાસન બિરાજમાન આપણા ભાવિ ભગવાનનો 'સમવસરણ વિહાર' બધા ભક્તોને અત્યંત આનંદદાયી અનુભૂત થતો હતો. રથના સારથી બનવાનું સૌભાગ્ય શ્રી શિવલાલ વીરચંદ ડગલી, બોટાદને તથા ચમરેંદ્ર બનવાનું સૌભાગ્ય શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ તેમજ શ્રી વિમલાબેન સારાભાઈ શાહને પ્રાપ્ત થયેલ. આ ભવ્ય રથોત્સવમાં વિવિધ ભવ્ય શણગાર સહિત કહાન-કુંવરના પારણાઝૂલનનો એક મનોહર ફ્લોટ-( FLOAT ) કે જેની બોલી શ્રી કિરણભાઈ શાહ નાઈરોબીએ ગુરુભક્તિભીના અત્યંત આનંદોલ્લાસ સહિત લીધી હતી. તે ફ્લોટ બધાનું ગુરુમહિમાયુક્તચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું. આ ભવ્ય રથયાત્રાના દર્શન માટે સોનગઢની જનતા પણ જગ્યાએ જગ્યાએ એકત્રિત થઈ હતી. બન્ને ભજનમંડળીએ રથોત્સવમાં ગુરુભક્તિનું આનંદમય વાતાવરણ બનાવી દીધું હતું.

તા. ૩૦ રાત્રે શ્રી સુરેન્દ્રનગરના બાળકોએ "સુકુમાર-ચરિત્ર" નાટક પ્રસ્તુત કર્યું હતું.

ગુરુજન્મોત્સવના આ મંગળ અવસરે સર્વશ્રી ડૉ. પ્રવિણભાઈ દોશી (રાજકોટ), સુરેશભાઈ સંઘવી (મુંબઈ), બ્ર. વ્રજલાલભાઈ શાહ, હિંમતભાઈ ડગલી (વિંછીયા) અને દેવજીભાઈ પટેલે ગુરુભક્તિભીના હૃદયે સુંદર શાસ્ત્રપ્રવચન કર્યા હતા.

ગુરુજન્મજયંતીના મંગલ દિવસે 'કહાનગુરુ-જન્મધામ'ના અતિ ભવ્ય દૃશ્યથી વિભૂષિત પ્રવચન-મંચ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ મનોહર સ્ટેચ્યુ સમક્ષ ક્રમશઃ સવારે દર્શન તેમજ સદ્ગુરુસ્તુતિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીનું વિડિયો દ્વારા માંગલિક, ચોંસઠઋદ્ધિમંડલપૂજનવિધાનનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન અને ત્યાર બાદ—

આદરણીય પંડિતજી દ્વારા સમસ્ત મુમુક્ષુસમાજ વતી કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ઉપકૃતભાવથી ગુણાનુવાદરૂપ અભિવાદન, રજતનિર્મિત આરતી દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યૂ સમક્ષ ગુરુ-જન્મવધાઈ; બપોરે શાસ્ત્રપ્રવચન, ગુરુભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે જિનેન્દ્ર-આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા અને તીર્થયાત્રાની વિડિયો—એ રીતે વૈશાખ સુદ બીજનો ઉત્સાહપૂર્ણ કાર્યક્રમ રહ્યો હતો.

આ માંગલિક મહોત્સવ નિમિત્તે કાયમી મંડલવિધાનપૂજા—

(૧) પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તેમ જ કેટલાક બ્ર. બહેનો, સોનગઢ; (૨) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી-પરિવાર, મુંબઈ; (૩) શ્રી પુરુષોત્તમદાસ ચોપડદાસ તથા ઝવેરીબેન પુરુષોત્તમદાસ કામદાર-પરિવાર, મુંબઈ; (૪) શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ, સોનગઢ; (હ. શ્રી જીતુભાઈ) (૫) બ્ર. શારદાબેન જયસુખલાલ સંઘાણી, રાજકોટ; (૬) શ્રી જયંતીલાલ બેચરદાસ મોદી, મુંબઈ; (૭) શ્રી ધારશીભાઈ જટાશંકર મહેતા, વવાણિયા (મોરબી); (૮) શ્રી હિંમતલાલ છોટાલાલ ઓબાલિયા-પરિવાર, સોનગઢ; (૯) શ્રી કનુભાઈ મણિલાલ તથા શ્રી ચંદનબેન કનુભાઈ પુનાતર-પરિવાર, જામનગર; (૧૦) શ્રી મનસુખલાલ હરિલાલ દોશી-પરિવાર, મુંબઈ; (૧૧) શ્રી અમરચંદ વાલજીભાઈ ડગલી-પરિવાર (હા. શ્રી રુપાળીબેન ડગલી), લંડન; (૧૧) શ્રી અરવિંદભાઈ નંદલાલભાઈ પ્રાગજીભાઈ મહેતા, ઉમરાળાવાળા; (૧૨) શ્રી કલાબેન હસમુખલાલ પોપટલાલ વોરા, મુંબઈ; (૧૪) શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી (રાયચંદભાઈની માતા વેલજીબેન, મામા રામજી રુપશી તથા મામી ગંગાબેન રામજીની સ્મૃત્યર્થે); (૧૫) શ્રી કપૂરચંદભાઈ સુખલાલ કોઠારી તથા તારાબેન કપૂરચંદભાઈ કોઠારી (નંદરબારવાળા), સોનગઢ; (૧૬) શ્રી ગંગાબેન પ્રેમચંદભાઈ કેશવજીભાઈ શાહ-પરિવાર, નાઈરોબી; (૧૭) શ્રી અને શ્રીમતી વિનોદરાય કે. કામદાર, રાજકોટ; (૧૮) શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ (સ્વ. જ્ઞાનેશના સ્મૃત્યર્થે) સુરેન્દ્રનગર; (૧૯) શ્રી લલિતાબેન જયંતીલાલ મહેતા પરિવાર-મુંબઈ; (૨૦) શાંતીલાલ ઉમીયાશંકર મહેતાના સ્મરણાર્થે, ઝરીયા; (હ. તારાબેન શાંતીલાલ, સતીષભાઈ શાંતીલાલ તથા ભાઈઓ) (૨૧) સ્વ. પાનાચંદ ગોવિંદજી અજમેરા, (હા. લલીતાબેન પાનાચંદ, બ્ર. ગુણવન્તીબેન તથા ધીરૂભાઈ, સોનગઢ); (૨૨) શ્રી ગોપાલભાઈ મહેતા, (હા. ડો. જામનભાઈ મહેતા, ઉદેપુર); (૨૩) શ્રી શારદાબેન શાંતિલાલ શાહ-પરિવાર, સાયન); (૨૪) શ્રી સરલાબેન સુરેશભાઈ સંઘવી, મુંબઈ; (૨૫) સ્વ. સુશીલાબેન હિંમતલાલ શાહ, સોનગઢ; (પૂજ્ય બહેનશ્રીના ભાભી) હા. પંડિતરત્ન હિંમતલાલ જેઠાલાલ શાહ, (પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ભાઈ); (૨૬) શ્રી શાંતિલાલ દલીચંદભાઈ શાહ, કલકત્તા; (હા. અંજનભાઈ) (૨૭) શ્રી પ્રિયંકા નિરંજન ડેલીવાળા, (હા. કાંતાબેન હિંમતલાલ ડેલીવાળા) (૨૮) સ્વ. શ્રી ગુલાબચંદ દેવચંદ ટોળિયા, (હા.

શાંતાબેન ટોળિયા ) મુંબઈ; (૨૯) શ્રી નવલચંદ જગજીવનદાસ શાહ મુક્તાબેન, સોનગઢ; (૩૦) દોશી અજવાળીબેન જગજીવનદાસ તથા દોશી જગજીવન બાવચંદ, ( હા. બ્ર. મુક્તાબેન તથા બ્ર. ઉષાબેન ), સાવરકુંડલા; (૩૧) શ્રી જયશ્રીબેન હસમુખલાલ જોબાલિયા, મુંબઈ; તેમ જ

પ્રાસંગિક મંડળ વિધાન પૂજા—

(૧) સ્વ. કપૂરચંદભાઈ ત્રિભોવનદાસ વોરાના સ્મરણાર્થે, ( હ. ગુણવંતભાઈ ), કલકત્તા; (૨) સ્વ. મનુભાઈ ત્રિભોવનદાસ ઝવેરીના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી મુંબઈ; (૩) શ્રી સુશીલાબેન હિંમતલાલ હરગોવિંદદાસ શાહ, ભાવનગર; (૪) શ્રી હરિભાઈ પરબતભાઈ પટેલ, સુરત; (૫) શ્રી કીરણભાઈ હરખચંદ શાહ, નાઈરોબી; (૪) શ્રી જ્ઞાયક સિદ્ધાર્થ શાહ ( હ. હેમલ ), મુંબઈ: (૭) શ્રી કાંતિલાલ હરીલાલ શાહ–પરિવાર, લીંબડી; (૮) શ્રી પ્રફુલચંદ્ર છબીલદાસ વારીયા, મહુવા

—તરફથી રાખવામાં આવી હતી.

મંગલ ગુરુ–જન્મોત્સવના અવસર પર પાંચ દિવસ સમાગત મહેમાનોને માટે બંને ટાઇમનું તેમ જ સ્થાનિક મુમુક્ષુસમાજ માટે સવારનું જમણ શ્રી રંભાબેન વોરા ( હ. શ્રી હસમુખભાઈ વોરા ) તરફથી રાખવામાં આવ્યું હતું. તદુપરાંત નીચેના મહાનુભાવોએ ‘ સ્વામીવાત્સલ્ય ’ ભોજન આપ્યું હતું.

(૧) સ્વ. શારદાબેન ભોગીલાલ દોશી–પરિવાર, ઘાટકોપર
(૨) શ્રી સમતાબેન માણેકલાલ શાહ–પરિવાર હ. બાબુભાઈ માણેકલાલ શાહ, ખાર
(૩) શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઇરોબી [ શ્રી રાયચંદભાઈના માતુશ્રી વેજીબેન તથા મામા સ્વ. રામજી રૂપશી તથા મામી સ્વ. ગંગાબેન રામજીભાઈના સ્મૃત્યર્થે ]
(૪) શ્રી લખતરનિવાસી બાલચંદભાઈ શિવલાલ દોશી, અમદાવાદ ( પ્રમુખ, ખાડિયા મુમુક્ષુ મંડળ )
(૫) સપાણી–પરિવાર, હૈદ્રાબાદ–મદ્રાસ–મુંબઈ
(૬) તા. ૩૦–૪–૯૫ના રોજ સવારે ચા–નાસ્તો શ્રી વીણાબેન જગદીશભાઈ મોદી, મુંબઈ

* વસઈનગરમાં સાનંદ સમ્પન્ન શિલાન્યાસ *

મુંબઈની નજદીક આવેલ ‘ વસઈ રોડ ’ નગરમાં નિર્માણાધીન “ ભગવાન શ્રી મહાવીરસ્વામી દિગમ્બર જિનમંદિર ’ના શિલાન્યાસનો ભવ્ય મહોત્સવ તા. ૯–૪–૯૫ના રોજ ગુરુભક્ત મુમુક્ષુઓના અતિ હર્ષોલ્લાસમય વાતાવરણમાં સારી રીતે સાનંદ સંપન્ન થયો. લગભગ ૨૨૦૦ મુમુક્ષુ મહેમાનો આવ્યા હતા. શિલાન્યાસવિધિનું સૌભાગ્ય શ્રીમતી કંચનબેન ભોગીલાલ શેઠ તેમ જ તેમના પરિવારને તથા સુરેન્દ્રનગરનિવાસી શ્રીમતી હીરાબેન સવાયલાલ શાહ તેમ જ તેમના પરિવારને પ્રાપ્ત થયું હતું. પ્રાસંગિક સ્વામી વાત્સલ્યભોજન પણ તે બન્ને તરફથી રાખવામાં આવ્યું હતું. *

## * ધાર્મિક પુસ્તકમાં ડિસ્કાઉન્ટ *

(૧) ૧૦% શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર, મદ્રાસ.
(૨) ૧૦% શ્રી પુરીબેન શીવલાલ ગાંધી (હ. નિખિલ પ્રતાપરાય ગાંધી, મુંબઈ)
(૩) ૧૦% સપાણી–પરિવાર, હૈદ્રાબાદ-મદ્રાસ-મુંબઈ (હ. ધીરૂભાઈ–મહેન્દ્રભાઈ વાંકાનેર)
(૪) ૨½% શ્રી પ્રભુલાલ લાલચંદ શેઠ લાતીવાળા, વાંકાનેર
(૫) ૧૨½% શ્રી ગંગાબેન પ્રેમચંદ કેશવજી શાહ, નાઈરોબી
(૬) ૫% શ્રી શ્રેયસ પ્રફુલભાઈ રાજા, નાઈરોબી

—તરફથી ૫૦% ડિસ્કાઉન્ક રાખવામાં આવ્યું હતું.

* ગુજરાતી તથા હિન્દી આત્મધર્મમાં વાર્ષિક ગ્રાહકમાં રૂા. ૪નું કમીશન શ્રી ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી મુંબઈ તરફથી રાખવામાં આવ્યું હતુ.

## * ઓડિયો કેસેટમાં ડિસ્કાઉન્ટ ૨૫% *

(૧) રૂા. ૩૦૦૦ શ્રી પ્રભુલાલ મોહનલાલ ધીયા, રાજકોટ; (૨) રૂા. ૨૦૦૦ ઇચ્છાબેન વેલજીભાઈ દોશી, રાજકોટ, (હ. શાનુબેન દોશી રાજકોટ) (૩) રૂા. ૫૦૦૦ શ્રી મનુભાઈ કામદાર, વડોદરા; (૪) રૂા. ૭૦૦ ગિરીશભાઈ લાખાણી, વડોદરા;

—તરફથી ઓડિયો ટેપમાં તા. ૨૬–૪–૯૫થી પૂજ્ય બહેનશ્રીની સમાધિતિથિ તા. ૧૭–૫–૯૫ સુધી ૨૫% ડિસ્કાઉન્ટ આપવા માટે જાહેર થયા હતા.

* ગુરુ-જન્મોત્સવના આ મંગલ અવસર પર સંસ્થાને નીચે મુજબ દાનરાશિ પ્રાપ્ત થઈ હતી—

| | |
|---|---|
| * પ્રાસંગિક મંડલવિધાન ખાતે | ૮,૦૦૮–૦૦ |
| * રૂા. ૧૦૦૧ની જન્મવધાઈના ૧૦૦૧ × ૨૫ | ૨૫,૦૨૫–૦૦ |
| * રૂા. ૫૦૧ની જન્મવધાઈના ૫૦૧ × ૨૦૯ | ૧,૦૪,૭૦૯–૦૦ |
| * રથયાત્રાબોલી | ૮૮,૩૦૮–૦૦ |
| * જિનેન્દ્ર–આરતી | ૧૫,૯૧૭–૫૦ |
| * જન્મવધાઈ (–સ્ટેજ), રથયાત્રા, પારણાઝૂલનમાં | ૩૦,૨૯૩–૦૦ |
| * પૂજનસામગ્રી ખાતે | ૩,૨૮૦–૦૦ |
| * કાયમી મંડલવિધાનપૂજા ખાતે | ૩૦,૦૦૩–૦૦ |
| * ૧૦૬મી જન્મજયંતી નિમંત્રણપત્રિકા પ્રસંગે | ૧૪,૯૭૩–૦૦ |
| * અન્ય શુભ ખાતે | ૨,૦૨,૮૯૦–૦૦ |
| * કાયમી ભોજન વૈશાખ સુદ–૧ | ૨૫,૦૦૧–૦૦ |
| * ૧૦૬મી જન્મજયંતી ૧૦૬ × ૯૬૦ | ૧,૦૧,૭૬૦–૦૦ |
| | કુલ રૂા. ૬,૫૦,૧૬૭–૫૦ |

## 卐 શ્રદ્ધાનની વિપરીતતા કે પુરુષાર્થની નબળાઈ ? 卐

શ્રદ્ધાનમાં વિપરીતતા હોવાથી સમ્યક્ત્વ અટકે છે–થતું નથી અને પુરુષાર્થની નબળાઈથી ચારિત્ર અટકે છે—પ્રગટતું નથી. છતાં સમ્યક્ત્વ નહિ થવામાં શ્રદ્ધાનની વિપરીતતાને બદલે પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાન દોષને રાય સમાન અલ્પ જાણે છે; તે ડુંગર જેવડા મહાન દોષને છેદી શકે નહિ.

—પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય રૂ. [illegible]/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂ. [illegible]
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂ. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]

A 356 Smt. Kantaben M. Ajmera
Modi No. 2, Sita Burdy,
NAGPUR–440012